



## પ.પૂ. લાલજી મહારાજશ્રીની ૩૪મી જન્મજયંતીએ તેઓના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

જેમણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (પૂ.પિતાશ્રી)ના સ્વપ્નાને સાકાર કરવા જીવન ઘસી નાખ્યું છે, અને લાખો યુવક-હૃદયના ધબકાર, પૂર્ણપ્રભાસ પ્રજ્ઞા અને પુણ્યપ્રેય શ્રેય માર્ગના પ્રદાતા તેમજ સાધુતા યુક્ત સદ્‌ગુણોથી ભરપૂર જેમનું જીવન જોઈને પ્રસન્ન થયેલા પિતામહ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે પણ 'પ.પૂ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના પછી આ નૃગેન્દ્રપ્રસાદજીનો પણ આચાર્યપદે અભિષેક ધામધૂમથી કરજો' એવા વચનથી જેમની પ્રતિભાશક્તિનું દર્શન કરાવ્યું છે એવા વિરલ યુગસર્જક પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ૩૪મી જન્મજયંતીએ તેઓના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૮, તા. ૨૦-૨-૦૭

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com

## :: અનુક્રમણિકા ::

૧ 'ભાવિઆચાર્ય' નિમણુંકનો સોનેરી અવસર.... — ૦૨
સંકલિત

૨ પ્રાર્થના પુષ્પાંજલી... — ૦૩
સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રાજુ ભગત

૩ 'शतायु भूयाद् अस्मद्गुरुः'... — ૦૪
સ્વામી આનંદસ્વરૂપદાસજી

૪ પ.પૂ. લાલજી શ્રી આચાર્યભાવથી શતાયુષી વૃધ્ધિને પામો.... — ૦૫
સ્વામી આનંદસ્વરૂપદાસજી

૫ પ.પૂ. લાલજી મહારાજશ્રીકે શ્રીચરણો મેં પ્રાર્થના... — ૦૬
સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રાજુ ભગત

૬ *H.H. BHAVI ACHARYA SHRI N.P. PANDE....* — ૦૭
By Khushal Bhagat - Sardhar

૭ તસ્વીર લખે છે... — ૦૮
સંકલિત

૧૦ વ્હાલા લાગે વાલપના વેણ... — ૦૯
સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રાજુ ભગત

૮ એક સુસંયમિત આદર્શ જીવનગાથા... — ૧૭
સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રાજુ ભગત

૯ એક વિરલ વ્યક્તિત્વ.... — ૨૧
સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી

૧૧ આવતા મહિનાના બે ગ્રહણોની વિગત... — ૩૨
સાધુ જ્ઞાનવલ્લભદાસ

૧૨ યોગીરાજ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી... — ૩૩
સાધુ દિવ્યસ્વરૂપદાસ

૧૩ સત્સંગ સમાચાર પત્રિકા... — ૩૫
સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર




# 'ભાવિઆચાર્ય' નિમણુંકનો સોનેરી અવસર...


**તારીખ :** ૧૩-૫-૧૯૮૪, સં. ૨૦૪૦ - વૈશાખ સુદ - ૧૪ (નૃસિંહ જયંતી)

**સ્થળ :** શ્રી સભામંડપ - વડતાલ

**-: પ્રસંગ :-**

*પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની ''ભાવિઆચાર્ય'' તરીકે ઉદ્‌ઘોષણા કરતા સ્વયં પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ.*

''...આ લક્ષ્મીનારાયણ દેવની જે ગાદી છે એની મહત્તા એટલા માટે છે; સારાય સંપ્રદાયમાં - સારાય સંપ્રદાયમાં શ્રીજીમહારાજ પોતાનું સ્વરૂપ હરિકૃષ્ણ મહારાજનું વડતાલમાં પધરાવ્યું છે. અને એમનું જે ગાદીસ્થાન, સ્વામિનારાયણ સંપ્રદાયનું ગાદીસ્થાન એક તીર્થરાજ વડતાલમાં છે. અને એ સ્થાન ઉપર એમના મૂર્તિના સાંનિધ્યમાં આજે અજેન્દ્રપ્રસાદજી મહારાજ બિરાજે છે. ભવિષ્યમાં - ભવિષ્યમાં કોઈ અનુગામી આચાર્યની તકરાર ન થાય એટલા માટે 'ભાવિઆચાર્ય' લાલજીને મેં પડખે બેસાર્યા છે...''



''...આનંદપ્રસાદજી, નરેન્દ્રપ્રસાદજી આ સ્થાનમાં આવ્યા છે. એની પાછળનો આ વેલો અજેન્દ્રપ્રસાદજી ને પાછળ નૃગેન્દ્રપ્રસાદજી... હવે તમારી સર્વની ફરજ છે કે હું કદાચ જીવતો રહું કે ન રહું પણ જ્યારે 'ભાવિઆચાર્ય' તે નૃગેન્દ્રપ્રસાદને બેસારવાનો વારો આવે ત્યારે તમે આજ રીતે કન્ધે-કન્ધો મેળાવીને બેસારજો...લક્ષ્મીનારાયણ દેવની જય...''

- પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ.

રંગપંચમીના પુણ્ય પ્રભાતે અમારા ધર્મ રક્ષાર્થે પ્રગટેલા પરમાત્મા સ્વરૂપ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને

# પ્રાર્થના પુષ્પાંજલી...



હે પ.પૂ. લાલજી મહારાજશ્રી !
જીવપ્રાણીમાત્રમાં ભગવાન રહ્યા છે, પરંતુ આપનામાં શ્રીજીમહારાજ સિવાય બીજું કંઈ જ નથી !
આપ સ્વયં સહજ મહારાજના ધારક છો ! આપ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી !
કોઈનું ઠરાવ્યું, કોઈમાં ઠરાવ્યું નથી ચાલતું.
ઠરાવેલું કેટલું ચાલે ?
સિંહણનું દૂધ તો સુવર્ણપાત્ર જ ટકાવી શકે !
એટલે જ તો,
આ એક જન્મોત્સવ તો શું ?
અનેકાનેક આવા જન્મોત્સવો ઓછાં પડે !
એવું આપનું વ્યક્તિત્વ છે.
એવું આપે અમારા માટે, સમગ્ર જીવપ્રાણી માટે કર્યું છે.
સત્સંગી હરિભક્તો જ આપનું જીવન !
ભક્તો જ આપના શ્વાસોશ્વાસ !
આપના જન્મ મહોત્સવે આ લેખન દ્વારા...
આપના વિશાળ વ્યક્તિત્વની સદા દિવ્યતા
આધ્યાત્મિકતા અને ચિંતન-મનન,
અનુભવપૂત નિદિધ્યાસની છોળો ઊડશે...
જો કે આપના માટે લખવું એટલે... આકાશનો પરિચય કરાવવો !
કારણ... આપ માયાથી પર, દેહના ભાવોથી રહિત...
અખંડ ભગવાનમય...!
આપ અલૌકિક કલ્યાણકારી નરતનુધારી અને અમે સામાન્ય દેહધારીઓ...
કઈ રીતે આપને શબ્દોમાં મુકવા ?
છતાં કંઈક ગુરુઋણ અદા કર્યાનો સંતોષ લેવા માટે,
વળી, આપની દૃષ્ટિ વિશાળ છે.
અણું જેટલી અમારી સેવાને આપ મેરુ તુલ્ય માનો છો.
તેથી જ અમો વિશેષે ફાવ્યા છીએ...
અહીં જે કાંઈ ગુણગાન લખ્યા છે તેમાં,
લાભ-અલાભની પરવા નથી.
કોઈને દેખાડવાની અબળખા નથી.
માત્ર હૃદયોર્મિઠાલવી છે.
હે પ.પૂ. બાપજી ! હે પ.પૂ. લાલજી મહારાજશ્રી !
આ હૃદયોર્મિઓને સ્વીકારશોને ?

ભગવાન શ્રી સ્વામિનારાયણે ચિંધેલા રાહે માનવમાત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણેક્ષણનું બલીદાન દેનાર પ.પૂ. લાલજી મહારાજશ્રી માટે આ લેખમાળા અંકમાં પ્રસ્તુત છે એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યકપણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ લેખમાળા આપના હાથમાં મુકીએ છીએ.

પ્રસ્તુત લેખમાળા અંકમાં કોઈક પાને - કોઈક પ્રસંગ નિરૂપણમાં વાચકને આ મહાન દિવ્ય વિભૂતિરૂપ મહાપુરુષને નત-મસ્તક થઈ નમન કરવાનું મન થઈ જાય તો તેને તેમની જ કેવળ કરુણા સમજવી અને જો શુષ્કતા દેખાય, પ્રવાહિતા ન અનુભવાય તો તેને લેખકની ઉણપ-અધૂરપ માની ક્ષમ્ય ગણવી...



॥ શ્રીહરિઃ ॥

## પ.પૂ. આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના સુપુત્ર પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૪ મા જન્મજયંતિ પ્રસંગે શતશઃ પ્રણામ પૂર્વક શુભેચ્છા...

# 'शतायु र्भूयाद् अस्मद्गुरूः'



**अ**क्षराधिपतेः साक्षात् परंपरागतः सूतः ।
**जे**तव्यो न केनापि त्वं सुज्ञेनाऽपि विनाञ्जलिम् ॥ १ ॥
**न्द्र**पूर्व-नृगे च सार्था नराणामग्रगामिता ।
**प्र**सादेन हरेश्चैव प्राप्योऽयं मोक्षकांक्षिभिः ॥ २ ॥
**सा**धुशीलः साधूनां च धर्मपथप्रपोषकः ।
**द**याकरः दीनानां च दाता योऽपेक्षितस्य च ॥ ३ ॥
**जी**वनादर्श आर्याणां मोक्षधर्म प्रदर्शकः ।
**सु**खेप्सुभिः सेवनीयः ऐहिकामुष्मिकेऽत्र च ॥ ४ ॥
**त**त्त्ववित् हरिकृ ष्णास्य स्वरूपज्ञश्च स्वपितुः ।
**नृ**गत्वं प्रापयति नृन् स्वाश्रयेणैव केवलम् ॥ ५ ॥
**गे**यस्य संबंधाद् हरेः साधर्म्यं प्रापयत्यसौ ।
**न्द्र**पूर्व-नृगे पुष्पे च यो नरः प्रीतिमान् भवेत् ॥ ६ ॥
**प्र**सन्नो तस्मिन् स्यादेव सर्वलोकगुरूर्हरिः ।
**सा**क्षात् पितामहेनापि नरेन्द्राचार्येणापि यः ॥ ७ ॥
**द**र्शितोऽस्माकमाचार्यः स्वाश्रितोद्धारणे क्षमः ।
**जी**वनभूत-तोयेन अभिषिक्तश्च तेन सः ॥ ८ ॥
**आ**श्चर्यमयम् अखिलं वर्तते यस्य कार्यकम् ।
**चा**मरार्हः सभामध्ये शोभते ज्ञान दायकः ॥ ९ ॥
**य**स्य प्रवचने जनाः हरेरिवाऽनुरागिणः ।
**त्वे**नं पश्यन्ति तत्तुल्यं सोऽयं शतायुर्भूया द्भवान् ॥ १० ॥
**न** केनापि विघ्नेनाऽयं हातव्यो मोक्षदो गुरूः ।
**ज**यति सोऽपि भूतले वादीन् येनाऽयमाश्रितः ॥ ११ ॥
**य**श्च साक्षादिव हरिः प्रभवत्येकराडिव ।
**ता**न् नैव पीडयन्ति हि दुष्टा श्चान्तरशत्रवः ॥ १२ ॥
**म्**लानं नैव भवितव्यं च कदाप्यस्याश्रितैर्जनैश्च ।
इति वचोमृते हरिः प्राह स्वाश्रितान् यद् हितम् ॥ १३ ॥

# 'અમારા ગુરૂ ભાવિ આચાર્ય પ.પૂ. લાલજીશ્રી આચાર્યભાવથી શતાયુષી વૃધ્ધિને પામો'

### ગુજરાતી અનુવાદ

**અ**ક્ષરાધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પુત્રભાવથી...

**જે**ને સ્વીકારેલા છે એવા રઘુવીરાદિ આચાર્યશ્રીની પરંપરામાં પુત્ર તરીકે પ્રગટ થયેલા હે નૃગેંદ્રપ્રસાદજી ! તમો ભક્તિભાવ વિના મહાવિદ્વાનોથી પણ જીતી શકાઓ તેવા નથી.

**ન્દ્ર**જેના નામની મધ્યે છે એવા એશ્વર્ય યુક્ત નૃગેન્દ્રપ્રસાદજીને વિષે નૃ = મનુષ્યોને ગ = શ્રેય માર્ગે ગતિ કરાવનારા અને તેમાં પણ ઈન્દ્ર = સૌથી શ્રેષ્ઠ એવી 'નૃગેન્દ્ર' સંજ્ઞા સાર્થક થાય છે. ભગવાન શ્રીહરિની...

**પ્ર**સન્નતાથી જ મુમુક્ષુઓને આવા ભવ્ય આચાર્યશ્રીની પ્રાપ્તિ થાય છે.

**સા**ધુશીલ અર્થાત્ સંતપુરૂષના જેવા સ્વભાવવાળા તેમજ સાધુઓના ધર્મમાર્ગનું અતિશય પોષણ કરનારા છો.

**દ**યાના સાગર તેમજ દીનદુઃખિયાઓને જરૂરી વસ્તુના અપાવનારા છો.

**જી**વન ઘડતર માટે ધર્માચાર્યોમાં આદર્શરૂપ અર્થાત્ અનુકરણીય જીવન-ચારિત્ર્યથી સર્વને મોક્ષપથ પ્રદર્શિત કરો છો.

**સુ**ખની ઈચ્છા જેમને હોય તેમને સર્વદા સેવનીય છો.

**ત**ત્ત્વ = ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજ તેમનું સ્વરૂપ જેવું છે તેવું પ્રતાપ-ઐશ્વર્યાદિ યુક્ત આપ જાણો છો.

**નૃ**ગત્વં = સ્વાશ્રિતોને મનુષ્યોના અગ્રેસર પણાને આપ કેવળ પોતાના સંબધથીજ પમાડો છો. એટલું જ નહિ પરંતુ...

**ગે**ય = ગાન કરવા યોગ્ય કીર્તિવાળા ભગવાન શ્રીહરિના સાધર્મ્યને પણ તમારા સંબંધથી જ તે ભક્ત પામે છે.

**ન્દ્ર** = આ નૃગેન્દ્ર રૂપી પુષ્પમાં જે મનુષ્ય ભ્રમરની માફક પ્રીતિમાન્ થાય છે તેની ઉપર સર્વલોકગુરૂ ભગવાન શ્રીહરિ

**પ્ર**સન્ન થાય છે. (એમાં લેશ માત્ર સંશય નથી.)

**સા**ધુતા યુક્ત સદ્ગુણોથી ભરપૂર જેમનું જીવન જોઈને પ્રસન્ન થયેલા પિતામહ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે પણ 'આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજીના પછી આ નૃગેન્દ્રપ્રસાદજીનો પણ આચાર્યપદે અભિષેક ધામધૂમથી કરજો' એવા વચનથી જેમની પ્રતિભાશક્તિનું...

**દ**ર્શન કરાવ્યું છે. તેમજ...

**જી**વનરૂપ-જળાદિથી તેમનો ભાવિ આચાર્ય તરીકે અભિષેક સ્વયં કરેલો છે. (એવા તમો સ્વગુણથી જયકારી પ્રવર્તો છો.)

**આ**શ્ચર્ય ઉપજાવે એવું જેમનું સર્વ કાર્ય સમુદાય છે એવા,

**ચા**મરાદિથી અત્યંત શોભા છે જેની એવા હે નૃગેન્દ્રપ્રસાદજી તમો સભા આદિકના કાર્યક્રમોમાં અમને સત્સંગનું સારૂં એવું જ્ઞાન સહજતાથી પીરસો છો.

**ર્યસ્ય** = જેના પ્રવચનને સાંભળવા માટે ભક્તજનો જેમભગવાન શ્રીહરિની વાણીને સાંભળવામાં ઉત્સુક બને તેમઉત્સાહી બને છે અને કથા શ્રવણ સમયે શ્રીહરિ તુલ્ય... ભાવથી-પ્રેમથી ભક્તો જેમનું દર્શન કરે છે તે આ નૃગેન્દ્રપ્રસાદજી અમારા ભાવિ આચાર્ય-ગુરૂશ્રી દીર્ઘાયુષી થાઓ. તથા આવા મોક્ષદાતા ગુરૂનો જીવનમાં કોઈ પણ ભોગે ત્યાગ ન થાય એવી ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને પ્રાર્થના...

**જય**કારી શ્રીહરિના સમગ્ર પ્રતાપ યુક્ત આ ગુરૂનો જેણે આશ્રય કર્યો હોય તે પણ આ સત્સંગમાં પ્રતિવાદીઓને જીતી લે છે. તો પછી તેઓશ્રી સ્વયં જયકારી પ્રવર્તે એમાં તો કહેવું જ શું ? આ શ્રીહરિએ પોતાના અપર સ્વરૂપે સ્થાપેલા આચાર્યશ્રીના આશ્રિત જનોએ પોતાના અંતઃશત્રુઓથી હાર પામીને ક્યારેય ગ્લાનિ પામવું જોઈએ નહિ કારણ કે સ્વયં ભગવાન શ્રીહરિ પોતાના ભક્તના પ્રયત્નને જોઈને-આ ભક્તના અંતઃશત્રુઓ નાશ

**પામો** એવી કરૂણા દષ્ટિથી ભક્તની અનેક જન્મની કસરને ટળાવે છે માટે પ્રસન્નતાથી ભગવદ્ ભજન કરવું જોઈએ. આ પ્રમાણે (ગ.મ. ૭માં) વચનામૃતમાં હિતકારી વચન કહેલું છે...

**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના સુપુત્ર ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જયકારી પ્રવર્તો... શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સહ... જય શ્રી સ્વામિનારાયણ**


**લેખક :**
**સ્વામી આનંદસ્વરૂપદાસજી**



# प.पू. श्री नृगेन्द्रप्रसादजी महाराज आपके श्रीचरणो में प्रार्थना

- **प**रम श्रेष्ठ कुल में आप प्रगट होकर, कुलदीपक की तरह हरहंमेश प्रकाशित रहते हो । ऐसे प्रकाशित हमको भी बनाऐ,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **पू**जनीय पद को प्राप्त करने के बाद भी, वे पद का रंचमात्र भी अहं नहि । वैसे हि हम को भी अहं शून्य बनाए,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...



- **श्री**जीमहाराज की सब आज्ञाअे शिरोमान्य करके, अपने जीवन में साकार करते हो । ऐसे आज्ञांकित हमको भी बनाए,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **नृ**सिंह अवतार धारण करीके, भगवानने महान असुर का संहार किया । वैसे हि हमारे अतःशत्रु रुप असुर को नष्ट कीजीए,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **गे**मार जैसे हम लोग है, महान पुरुष आप है । हमको भी ऐसी पात्रता दिलाए कि हम भी आप जैसे महापुरुषो की नजर में हरहंमेश टीक सके,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **न्**यून और तुच्छ, अद्धम और पतित जीवो को भी मुक्त बनाने के लिए, भगवानने अपने धाममें से हि यहाँ आपको भेजे है । तो हमको भी ऐसी हि जीव समजकर हम को भी मुक्त बनाए,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **द्र**ढता पूर्वक आपने भगवान की आज्ञा और उपासना का प्रचार किया है, तो हम लोग तो आप के हि है । ईसीलीए सर्वप्रथम हमारे हृदय में आज्ञा-उपासना की द्रढता कीजीए,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **प्र**मुखता दि हे आपने अपने जीवन में भगवान और भगवद् भक्त को, भूल गये हो अपने देह के सुख-दुःख को । वैसे हम भी स्वजात को भूलकर भगवान और भगवद् भक्त को हमारे जीवन में प्रमुखता दे सके,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **सा**कार कि है सब बाँते, जो आप अपने प्रवचनो में बताते हो । वैसे हम भी बाँत मुखसे करे उन सब बाँते हमारे जीवन में साकार करते रहे,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **द**या रही है अपने हृदय में, इसलिए हम जैसे तुच्छ जीवो के लिए आप अपना अमूल्य जीवन बिता रहे हो । ऐसा हि हमारे हृदय में दया का स्रोत हरहंमेश बहता रहे,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **जी**वन कितना दिव्य - कितना भव्य बन सकता है, वो शिख आज के सभी लोगो को आपका जीवन देखकर मीलती है।
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **म**हानता है इस पृथ्वी पर आप जैसे दिव्य लोको कि, क्योंकि आपने मान-अपमान, हर्ष-शोक, भूख-तरस ए सब सब षडूर्मिओ को जितकर आपने हम जैसे कंई लोगो को नया पथ जीवन जीने का बताया है। वो पथ पर हम चल सके,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **हा**कल करना संकटमें प्यारसे, हमारे प्रानप्यारे लालजी महाराज, दौडकर आ पहोचेंगे आपके साथ ओर हम भी जरुर भागीदार बनेगें। आपके सुखदुःख में लेकिन हमारे जैसे कार्य में जरुर आवाज करना,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **रा**मचंद्रजीने प्रगट होकर रावण को नष्ट किया, कृष्णचंद्रजीने प्रगट होकर कंस को नष्ट किया। ऐसे हि अधर्म रुपी महा असुर का नाश करने के लिए, भगवानने आपको भेजे है। वे अधर्म को सर्वप्रथम हमेरें हृदय सें नष्ट करीके हम को दिव्य बनाए,
ऐसी आपके श्रीचरणो में प्रार्थना...

- **ज**न्म मरण का हमेरा रोग जो मिटता नही है, वो रोग मिटाने वाले सच्चे बैद्य हमने आप को हि माना है। इसिलए हमारे प्यारे लालजी महाराज आप हमारा वे रोग को नष्ट करके, अपने साथ आप के पर दादाजी (भगवान श्री स्वामिनारायण) के घर पर जरुर ले जाना और हा, वहाँ जाने के बाद भी हमारा साथ मत छोडना। आपके हि पास बिठाकर पर दादाजी (भगवान श्री स्वामिनारायण) की मूर्ति के सुख से सुखी करना, कारण जो खून पर दादाजी की नसो में बह रहा था वोहि खून आपकी नसो में बह रहा है। इसलिए हरेक क्षण हरेक पल हमारी ऐसी बिते जिससे आप प्रसन्न रहे और आपके पर दादाजी प्रसन्न हो ऐसी आपकी ३४ वी जन्मजयंती प्रसंगे **आपके श्रीचरणो में हमारे कोटि कोटि बार प्रार्थना सह दंडवत् प्रणाम...**

- लेखक : साधु अमृतस्वरूपदास ओर पार्षद राजु भगत - सरधार

## H.H. BHAVI ACHARYA SHRI N.P. PANDE

**H**eaven helps those who help them selves.
**H**appiness life is the first step meet for God.
**B**ubble and Froth cannot live long.
**H**onesty is the Best Policy.
**A**varice is the root of all evil.
**V**ictory won they, who won our passions.
It is better to be alone that in bad company.
**A**ll are wea, if Self be wea.
**C**ount like Jews and agree like brothers.
**H**e who has no brain has strong legs.
**A** man is known by the company he keeps.
**R**eady Flattesy and rich Pravision.meet
**Y**ou may end hin but you will not mend him.
**A**li Seems infected that the infected.
**S**ome by with get wealth but none by wealth can purchase it.
**H**unger is the best sence, and Fatigue the best pillow.
**R**ates knows the ways of rates.
If you take one step, you will cover miles.
**N**othing venture nothing have.
**P**romise little and do much.
**P**ractice makes a man Perfect.
**A**ll that glittets is not gold.
**N**o one knows what will happen to him before sunset.
**D**ays go, words spoken remain.
**E**xperience is the best teacher.

**By Khushal Bhagat - Sardhar**



# તસ્વીર લખે છે...

પ.પૂ. લાલજી મહારાજશ્રીના પત્રવ્યવહારનો ધ્યેય એટલે મનુષ્ય જીવનમાં તમામપાસાંને આધ્યાત્મિક સંસ્કારોથી વિભૂષિત કરવા એ છે. જો કે આ પત્રવ્યવહાર દુનિયાના પ્રચલિત વ્યવહારથી કંઈક નવી ભાત પૂરી પાડે છે. આ પત્રો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મફત સલાહો સાંભળવા ટેવાયેલી દુનિયાને એક નવો માર્ગ ચીંધ્યો છે.

પિતૃ સ્થાનેથી આજ્ઞા સાંભળીને ટેવાયેલી, ગુરુસ્થાનેથી ઉપદેશ અને નેતૃત્વ સ્થાનેથી ફરમાનો સાંભળવા ટેવાયેલી દુનિયાને આ પત્રવ્યવહાર નવી દિશા ચીંધે છે.

પત્રવ્યવહારની સાથોસાથ પ.પૂ. લાલજી મહારાજશ્રીની લેખનીમાંથી લખતા આશીર્વાદ ને કાયમી સંભારણું બનાવવા ઘણા ઘણા ભક્તો પોતાની અગત્યની ડાયરીમાં તથા રૂપિયાની કિંમતી નોટોમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તાક્ષર કરાવી આશીર્વાદ લખાવતા હોય છે. કાયમી તે નોટના પાનાઓને જીવની જેમ સાચવી રાખી જીવનનું સંભારણું બનાવે છે એવું પ.પૂ. લાલજી મહારાજશ્રીની કલમમાં પણ કરાવતની સાથે સાથે કલ્યાણ રહ્યું છે.



જેમની વાણીમાં જ્ઞાન સરિતાનું સંગીત, ભક્તિની ભિનાશ, જ્ઞાનની ગરિમા અને આત્મા-પરમાત્માની અનુભૂતિ ગુંથાયેલી છે,
જેમના અમૃતવચનોથી જીવાત્માના જન્મોજન્મની મોહજાળને છેદે છે અને ભગવદ્ભાવને પમાડે છે
એવા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના

# વ્હાલા લાગે વાલપના વેણ...

'બોલત બચન સુનત સુખ ઉપજત...' એમ જેમના અમૃતવચનોને સાંભળીને હજારો લોકોને સુખ-આનંદ ઉપજે છે અને એ વચનો હૃદયાંકિત કરવાની ઈચ્છા ભક્તજનોને સહજ જ થાય છે. સામાન્ય વાણી અને મહાપુરુષોની પરાવાણીમાં એ જ મોટું અંતર છે; સત્પુરુષોની પરાવાણીની વિલક્ષણતા છે : તેનું પાન કરનાર સુખને માણે છે.

કારણ ?

કારણ કે એ વાણી દિવ્ય છે, ભગવદ્‌સંબંધી છે. એમાં ક્યાંય સ્વાર્થ નથી. રાગ નથી, દ્વેષ નથી. સ્વશ્લાઘા નથી. પરનિંદા નથી. કટુતા નથી. કુટિલતા નથી. બીજાનું હિત, એ જ એ એમની વાણીનું લક્ષ્ય હોય છે.

મધુર અને સત્ય વાણી તો સામાન્ય મનુષ્ય કે સજ્જન પણ બોલી શકે પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના અપર સ્વરૂપસમા પ.પૂ. લાલજી મહારાજશ્રીની વાણીમાં મધુરતા અને સત્ય ઉપરાંત જીવનું સાચું હિત કરવાનું સામર્થ્ય ભર્યું છે, એટલે જ, એનું પાન કરનાર, જીવનમાં ઉતારનાર કોઈપણ મનુષ્ય સુખ પામ્યા સિવાય રહે જ નહીં. એ એની સ્વાભાવિક વિલક્ષણતા છે.


પ.પૂ. લાલજી મહારાજશ્રીની વાણીમાં એક વિશિષ્ટ પ્રકારની સઘનતા જોવા મળે છે. એમના શબ્દોમાં અજબનું ઊંડાણ છે. એમના મુખારવિંદમાંથી બહાર નિસરતા સામાન્ય શબ્દોની પાછળ ભાવ, અર્થ, શક્તિ, સમજદારી વગેરેનું એક સમગ્ર વાતાવરણ હોય છે. યોગ્ય પ્રકારના મનોમંથન વગર એમની સરળ લાગતી વાણી પણ ખરા અર્થમાં સમજવી અઘરી પડે છે. એમની વાણીમાં વિદ્વતાનો વિલાસ કે પાંડિત્યનું પ્રદર્શન નહિ પરંતુ જીવનનો વિકાસ અને ભાવોની સ્વસ્થ અભિવ્યક્તિ દેખાય છે. કારણ કે એમની કેવળ વાણી નહિ પરંતુ વાણીની પાછળ જીવન બોલે છે, જીવનની તપશ્ચર્યા બોલે છે, અવિરત કર્મયોગની ધારા બોલે છે, ભક્તિની શક્તિ બોલે છે, જ્ઞાનનું ગૌરવ બોલે છે. હૃદયના ઊંડાણથી નીકળતી એમની વાણી હૃદયસ્પર્શી બની રહે છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીમાં સંપ્રદાયના શાસ્ત્રોનું જ્ઞાન, ઉપનિષદ કથિત જ્ઞાન, રામાયણ લિખિત ધર્મ, ભાગવત કથિત ભક્તિ, ગીતા પ્રબોધિત સ્થિતપ્રજ્ઞ સ્થિતિ વગેરે જીવનમાં દૃઢ છે તેથી તો તેઓ જે કંઈ ઉપદેશરૂપી અમીવર્ષાનું જ્યારે ભક્તજનોને પાન કરાવે છે ત્યારે આધિ-વ્યાધિ-ઉપાધિના પાશમાં ધગધગતાં તે ભક્તો તેનાથી મુક્ત થઈને નિર્મળ મને ભગવાન શ્રીહરિ સ્વરૂપમાં વિહાર કરવાં લાગે છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમૃતવાણીએ તો સમગ્ર સંપ્રદાયને સજીવન કર્યો છે. ક્યાંય પણ તેઓની સત્સંગ સભા હોય ત્યારે એમને સાંભળવા માટે શહેરોશહેર, ગામોગામઅને ઘરોઘરના સમૂહ એકઠાં થાય છે. સાધારણ અકિંચનોથી ધનકુબેરો સુધી, પટાવાળાઓથી મુખ્યપ્રધાનો સુધી, નિરક્ષરોથી ચરમકોટિના સાક્ષરો સુધી, મજૂરોથી બુદ્ધિજીવીઓ સુધી, બાળકો-યુવાનો-વૃદ્ધો, સ્ત્રીઓ અને પુરુષો સર્વેના હૃદયમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીએ માનભર્યું સ્થાન મેળવ્યું છે. એવું તો અવનવું કામણ કર્યું છે કે વાણીનો રસાસ્વાદ લેવા માટે ભક્તસમુદાય સદાય તલસતો હોય છે.

નાનાં નાનાં ગામડાઓથી માંડીને વિશ્વનાં મહાનગરો સુધી વિચરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વહાવેલી અમૃતવાણીનો રસથાળ આ અંકમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. જીવન-ઉત્કર્ષના અનેકવિધ વિષયોને સ્પર્શીને વહેતી આ અમૃતધારા વ્યક્તિગત સુખ, કૌટુંબિક શાંતિ, સામાજિક ઉત્કર્ષ અને આધ્યાત્મિક પ્રગતિની સનાતન ગુરુચાવી દર્શાવે છે.

આવો... આપણે પણ... જેની વેદો અને ઉપનિષદોએ નિતાંત-અત્યંત સ્તુતિ કરી છે, બ્રહ્મર્ષિઓએ નેતિ નેતિ કહીને યુગો સુધી જેની ઉપાસના કરી છે, પ્રખર આચાર્યોએ જેના ઐશ્વર્ય-ગુણગુણોને નિરૂપવા કંઈક દર્શન શાસ્ત્રો પ્રવર્તાવ્યાં છે, એવું સત્ય સનાતન સર્વોપરી દિવ્ય સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ અને તે દિવ્ય સ્વરૂપની ઓળખાણ કરાવીને અનંત જીવાનાં કલ્યાણનો શાશ્વત રાજપથ ઉદ્‌ઘાટિત કરનાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દક્ષિણ વિભાગના અમારા પ્રાણપ્યારા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અમૃતવચનોરૂપી અમીવર્ષાના આસ્વાદનો ચાલો આપણે માણીએ...



## ૧ ઉત્સવ-સમૈયાનું ફળ :

શ્રીજીમહારાજે આ સંપ્રદાયની અંદર એક અનોખી ઉત્સવ-સમૈયાની પરંપરા સ્થાપિત કરી છે. આ ઉત્સવ-સમૈયાના માધ્યમથી પ્રાપ્ત થતા સંયોગો આપણને ભગવાનના સ્વરૂપની વધારે ને વધારે પાસે લઈ જાય છે, સહેજે સહેજે વાતાવરણ ભક્તિમય બને, ધર્મમય બને અને આપણું જીવન પવિત્ર બને છે.

## ૨ ભગવદ્‌ભજનમાં સ્વાતંત્ર્ય વિષે :

આપણે ઘણી વખત એવું સમજતા હોઈએ છીએ કે, ભગવાનને ભજવા માટે કોઈ નિયમોની જરૂર નથી, નિયમોની કોઈ આવશ્યકતા નથી, ગમે તે રીતે ગમે તે ભગવાનને ભજી શકે છે - સર્વને સ્વતંત્રતા છે, જીવપ્રાણીમાત્રને ભગવાનની ભક્તિની સ્વતંત્રતા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સત્સંગિજીવનમાં પણ કહે છે : 'સંસારમાં રહેલા જીવપ્રાણીમાત્રને ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર છે.' પરંતુ આપણી સમજણ ઘણી વખત ક્યાંક વિકૃત ઊભી હોય છે અથવા તો આપણી સમજણ ક્યાંઈક ખોટી હોય છે, એનું એક દૃષ્ટાંત જો આપણે લઈએ તો આપણે ઘણી વખત એમ વિચારીએ છીએ કે ભગવાના ભજવાનો અધિકાર આપણનો મળ્યો છે - આપણને સ્વતંત્રતા છે તો આપણે મન ફાવે એમભગવાન ભજીએ.



ભગવાન ભજવાનો અધિકાર દરેકને મળેલો છે અને ભગવાના ભજવાની સ્વતંત્રતા પણ દરેકને મળેલી છે.

પરંતુ એ સ્વતંત્રતા અને અધિકાર શા માટે મળેલો છે ? કે ભગવાનને કેટલા અંશે અને કેટલા પ્રમાણમાં ભજવા એની સ્વતંત્રતા છે, ભગવાનને ક્યા માધ્યમથી ભજવા એની સ્વતંત્રતા છે, પણ ભગવાનને ભજવાની જે રીત છે - જે મર્યાદા છે એ મર્યાદાની સ્વતંત્રતા નથી.

## 3 કથાનો લક્ષ્ય, વક્તાની જવાબદારી ને મહિમા :

આ સત્સંગ શિબિરો, છાવણીઓ, કથા-પારાયણો શા માટે કરવામાં આવે છે ? તો એની પાછળનો મુખ્ય લક્ષ્ય એ છે કે શ્રોતાઓને-સાંભળનારને એક તો ભગવાનના સ્વરૂપની અંદર પ્રીતિ થાય-દૃઢતા થાય. અને સાથે સાથે ભગવાન ભજવાની રીત શીખે, ભગવાનને રાજી કરવાની રીત શીખે, ઉપાયોને શીખે અને એની મર્યાદાઓને જાણે એ પણ એનો બીજો હેતુ રહેલો છે. અને શાસ્ત્રના અધ્યયન કે ઉપદેશથી આપણે જાણી શકીએ છીએ - અને એટલા માટે વ્યાસપીઠ ઉપર વક્તાશ્રીને પણ એ બહુ મોટી જવાબદારી રહેલી છે કે એ જે કંઈ ઉદ્‌બોધન કરે, ઉપદેશ કરે એ શાસ્ત્રસંમત, ધર્મસસંગત ભગવાનની, ભગવાને બાંધેલી મર્યાદાને પ્રતિપાદન કરતું હોય. કારણ કે લાખો જીવાત્માઓની જવાબદારી એ વક્તાની રહેલી છે. જો વક્તા એ વિશ્વાસનો ભંગ કરશે; એ વિશ્વાસને લઈને એને સામે આવ્યા છે, જે કાંઈ શીખવા આવ્યા છે - જાણવા આવ્યા છે તો એ લાખો જીવાત્માને કોઈ અવળું-સવળું સમજાવીને કોઈ અવળે માર્ગે વાળશે તો એ જીવાત્માઓનું જે અકલ્યાણ થશે, એનો મોક્ષ બગડશે તો એનો પાપનો ભાગી એ વક્તા પણ બને છે.

પરંતુ જેને ભગવાન શ્રી સ્વામિનારાયણનો દૃઢ આશ્રય હોય અને જેના હૃદયની અંદર ભગવાનને ભજવાની, ભગવાનના થયાની ખુમારી હોય - તાન હોય એ હંમેશા એ અનુસંધાન જરૂર રાખે છે કે 'ભગવાનના સિદ્ધાંતોનો લેશમાત્ર લોપ થાય નહિ અને ભગવાનના ભક્તોને આ સંદેશ પહોંચાડી શકીએ' એવા જ્યારે આપણને શ્રોતા અને વક્તા જ્યારે આમને-સામને આવે ત્યારે સત્સંગની મજા કાંઈક ઓર (જુદી જ) હોય છે. અને વાસ્તવમાં જો પૂછો ને તો વચનામૃતમાં શ્રીજીમહારાજે જે સંતોના-ભક્તોના-જ્ઞાનીઓના સમાગમની જે વાત કરી છે; ક્યાંઈક લખ્યું છે કે સંતો થકી જાણવું, તો ક્યાંક વચનામૃતમાં એમ લખ્યું છે કે સત્સંગમાં મોટેરા હોય એના થકી જાણવું. આવા શબ્દો શ્રીજીમહારાજે લખ્યા છે એની પાછળનો હેતુ માત્ર ને માત્ર આ છે કે ભગવાનના જે

સિદ્ધાંતો એને જેમ છે તેમ, જે એનો પ્રાસ છે - જે એનો હેતુ છે એ હેતુઓની સાથે ભક્તો સુધી પહોંચે. અને એ કાર્ય આપણી સત્સંગ શિબિરો, છાવણીઓ, કથા-પારાયણોમાં થઈ રહ્યું છે અને આ કાર્યથી ભગવાનનો રાજીપો ઉતરશે અને એમાં વક્તા અને શ્રોતા બંનેનું કલ્યાણ થાય છે.

## ૪ ભગવાનના નિઃસ્વાર્થ દાખડા સામું જોવાનું છે :

સાચી વાત કહેવા માટે પણ સાચું હૃદય જોઈએ અને સાચી વાત સમજવા માટે પણ સાચુ હૃદય જોઈએ. પરંતુ જો હૃદય કપટી હોય-કાળું હોય તો સાચી વાત કહેવાતીય નથી અને મનાતી પણ નથી.

'જે મોઢે પાનબીડાં ચાવ્યાં હોય એ મોઢે કોલસા મહેરબાની કરીને ચાવશો નહિ.' આટલું જો જીવનમાં રાખશો તો તમારી ને અમારી અને આ સંતોની તમામ મહેનત એ લેખે લાગશે. અને તમારી ને અમારી મહેનત કરતાંય, કારણ કે આમાં તો તમારોય કાંઈક થોડોક સ્વાર્થ છે અને અમારો પણ થોડો સ્વાર્થ છે. થોડોક સંતોનોય સ્વાર્થ છે. કેવો સ્વાર્થ ? લૌકિક-માયિક સ્વાર્થ નથી; તમારો સ્વાર્થ - હેતુ એ છે કે મોક્ષ મેળવવો છે, સંતોનો હેતુ એ છે કે મહારાજને રાજી કરવા છે; અમારો હેતુ છે કે અમારી ઉપર શ્રીજીમહારાજે જે આ જવાબદારી મુકી છે તેનું વહન કરવાનું છે. આ તો એક સામાન્ય વાત થઈ પણ જે દિવ્ય ભગવાનના મુક્તોનો અને સ્વયં પૂર્ણ પુરુષોત્તમનારાયણનો કોઈ જ સ્વાર્થ નથી, માત્ર કરુણા હતી. એ કરુણાના આધાર - એ કરુણાના નિધાન એ શ્રીજીમહારાજ પણ એમ કહીને ગયા છે કે 'જો આ કરશો ને તો અમારો દાખડો સફળ થશે.'

તમારી ને અમારી મહેનત તો કાંઈક હેતુપૂર્વક છે. પરંતુ જે કેવળ કરુણામય જેની મહેનત છે એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ જેને કોઈ સ્વાર્થ, કોઈ સુખ, કોઈ મોટપની આશા નથી પણ એકમાત્ર જીવાત્મા ઉપર કરુણા કરીને-દયા કરીને દયાસિંધુ એ મહારાજે આટલો મોટો દાખડો કરી દીધો એક પરોપકારથી ! એક જીવાત્માના કલ્યાણના હેતુથી, ભક્તના રક્ષણના હેતુથી શ્રીજીમહારાજે આટલી મોટી કરુણા કરી અજોડ-દિવ્ય સંપ્રદાય સ્થાપીને આપણને આપી દીધો !! તો શ્રીજીમહારાજના દાખડા-મહેનતની આગળ આપણી મહેનત ઓછી છે, રજ બરાબર છે. પરંતુ જો આ સિદ્ધાંતોને આપણે જીવનમાં વણીશું તો, આ દઢ રાખીશું તો માનજો ભગવાન શ્રીહરિના શબ્દોમાં - મહારાજ કહે છે કે :- 'અમારા દાખડા સામું તમે જોયું છે, એમ અમે માનશું.'

## ૫ માયાના બંધનથી મુક્ત થવા માટે :

ધર્મનો માર્ગ હંમેશા કઠણ ભૂતકાળમાં પણ હતો, વર્તમાનકાળમાં પણ છે અને ભવિષ્યમાં પણ કઠણ તો રહેશે જ. કોઈ એમન માનશો કે અમે મખમલના ગાદલા ને ગાલીચા ઉપર બેસીને ભાતભાતના પકવાન જમી અને એશોઆરામ ભોગવતા ભોગવતા એરકંડીશન (વાતાનુકુલ)માં બેઠા બેઠા ભગવાનનું ભજન કરીને ભગવાનને પામીશું. એ માર્ગ ઉપાસનાનો નથી, ભક્તિનો નથી, ભગવાનને પામવાનો મોક્ષનો માર્ગ નથી. એ માર્ગ તો ભૌતિક સુખ-વૈભવ ભોગવવાનો માર્ગ છે, આ માયાના બંધનમાં રચ્યા-પચ્યા રહેવાનો માર્ગ છે, એમાંથી મુક્ત થવાનો માર્ગ નથી. પરંતુ જ્યારે માયાના બંધનથી મુક્ત થવું હોયને ત્યારે સૌથી પહેલા એમાંથી અરૂચિ જાગવી જોઈએ - જે વિષયવાસનાથી મુક્ત થવા આપણે આ દાખડો કરીએ છીએ એમાંથી (વિષયમાંથી) સૌથી પહેલા અરૂચિ જાગવી જોઈએ. અને અરૂચિ ક્યારે જાગે તો કે જ્યારે બીજે ઠેકાણે મનની વૃત્તિ ચોંટે ને ત્યારે એક લક્ષ્યની અંદર - એક પદાર્થની અંદર આપણું મન અત્યારે સ્થિર-ચોંટેલું છે, હવે એમાંથી વૃત્તિ પાછી ખેંચવી છે. સામાન્ય સિદ્ધાંત એમ કહે છે, વૈજ્ઞાનિકો પણ આ વાત માને છે કે એક જગ્યાએથી જો ધ્યાન કેન્દ્રિત થયું હોય ત્યાંથી પાછું ખેંચવું હોય તો બીજી જગ્યાએ ધ્યાન કેન્દ્રિત કરવું પડે. ક્યાંક પીડા થતી હોય, દુઃખાવો થતો હોયને તો ડોકટરો પણ એવી સલાહ આપે કે 'મન ક્યાંઈક બીજે પ્રોવો.' મનને જ્યારે શાંતિ ન મળતી હોય, ઉદ્વેગ થતો હોય અને જેને અંગ્રેજી ભાષામાં રોગને કહીએ 'Hyper Tensan' હાઈ બી.પી થઈ જતું હોય ત્યારે ડોકટરો એમ કહે કે હવે ચિંતા છોડો, મન ક્યાંઈક બીજી પ્રવૃત્તિમાં લગાડો; એટલે મનની વૃત્તિ છે એ દરેક હેતુનું કારણ બને છે.


એ કારણને આપણે જો માનતા હોઈએ તો જ્યારે માયિક બંધનથી જીવાત્માને પાછો વાળવો છે તો ત્યાંથી વૃત્તિ પાછી ખેંચવી પડશે, તો પાછી ખેંચીને મુકશું ક્યાં ? તો એકની એક જ વ્યક્તિ કહો કે પદાર્થ કહો, શક્તિ કહો જે ગણો તે કે



જ્યાં આ વૃત્તિઓને સ્થિર કરવા જેવી છે એ પૂર્ણ પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ, એ ભગવાનનું શરણ, ભગવાનનું ચરણ (શ્રીજીમહારાજનું સ્વરૂપ) એ એક જ માત્ર એવું સ્થાન છે કે જ્યાં આપણે આપણી મનની વૃત્તિઓને જો ચોંટાડીએ તો ત્યાં વિકાર નથી. અનાજને જો તમે ઘરમાં બાર મહિનાનું ભરો તો એ બરાબર છે, પણ જો એ સાફસૂફ ના કરો કે બાર મહિનાથી વધારે જો થાય ને તો બગડી જાય. કોઈપણ વસ્તુ હોય માયિક-લૌકિક વસ્તુને તમે ભંડાર કરીને રાખો ને તો બગડી જાય, એને ક્યાંઈક વાપરવા ઉપયોગમાં લેવી જોઈએ. તો આપણી વૃત્તિઓને જો આપણે ભંડાર કરીને મુકી રાખશું ને તો સડી જશે. પણ એ સડે નહિ તેના માટે જેમવસ્તુ બગડે નહિ એના માટે દવા મુકીએ અથવા તો ફ્રીઝમાં મુકીએ અથવા તો કબાટમાં સુરક્ષીત કરીએ, લેમીનેશન કરીએ છીએ તેમ જીવાત્મા બગડે નહિ, સડી ન જાય, નર્કમાં ન જવું પડે કે ભૂત-બ્રહ્મરાક્ષસ થઈને ભટકવું ન પડે; આ બધું સડણ છે આ સડો ન થાય, જીવાત્માને ચેપી રોગ લાગુ ન પડે - ને આ બધું વાઈરસ છે હો - વાયુવેગે પ્રસરે - સ્પર્શની જરૂર નથી, તમારે દૃષ્ટિનો જો મિલાપ થાય તો પણ 'કંજેરીવાઈસીસ' કહે છે ને આંખ્યો લાલ થઈ જાય, પાણી ઝર્યા કરે, ચશ્મા પહેરી રાખે. કેવો રોગ કહેવાય ? આમ આંખો જોવો ને તો તમને રોગ અડી જાય - ચેપ લાગી જાય.

## ૬ કુસંગના ચેપી રોગની ત્વરિત અસર :

આ સમાજના, આ સંસારના, આ માયાના બંધન આવા ચેપી રોગ સમાન છે. આ અંતઃશત્રુ ઓની ભ્રમણા જે માયાજાળ છે એ ચેપી રોગ છે. સરળ કોઈનો સુધારવાહોય ને - દારૂ પીતો હોય, દારૂ છોડાવવો હોય તો એનો ક્યાં



ક કેન્દ્રમાં મુકવો પડે અને કેટલા મહિના એની પાછળ ટ્રીટમેન્ટ થાય, મહેનત થાય. માંડ માંડ એ છૂટે પણ જો દારૂ પીતો કોઈને કરવો હોય તો ! પાંચ મિત્રો મળ્યા, મહેફિલ જામી અને બે જણાએ પ્રોત્સાહન કરીને ગ્લાસ પકડાવી દીધો હાથમાં તો એક ક્ષણની અંદર ગ્લાસ ઉલેટી નાંખે. પીતા કેટલી વાર લાગી ? ચાલુ કરતા ક્ષણમાત્ર લાગી પણ એને છોડાવવા માટે મહિનાઓના મહિના મહેનત કરીએ ને લાખો રૂપિયા ખર્ચવા પડે ત્યારે માંડ માંડ છૂટે. આ સંસારના ભવસાગરના રોગ ચેપી એટલા છે કે સહેજ સંગની અંદર દોષ થાય, ને સહેજ ગાફલત રહી જાય પંચવર્તમાનની અંદર... તો આ ચેપી રોગ તરત જ હાવી થઈ જાય.

## ૭ સમર્પણ, શરણાગતિની શક્તિ :

શ્રીજીમહારાજના સમકાલીન સંતો-ભક્તો નાચતા નાચતા મહારાજની આજ્ઞાનું પાલન કરતા પડી જતા. આજ્ઞાથી કોઈક ગામડે ગયા હોય, વિચરણમાં ગયા હોય અને એવા અનેક કડવા અનુભવો થયા હશે; કેટલાક લખાણા ને કેટલાક ન લખાણા પરંતુ ક્યારેય મનમાં એવો સંશય નથી કર્યો કે આ બધું અમારૂં કરેલું છે - આ સંપ્રદાયની અંદર અમે સંપત્તિ એકઠી કરીને લાવ્યા છીએ માટે આનો વહીવટ તો અમારી પાસે જ જોઈએ. કારણ કે દરેક એમ માનતા; અને એક પ્રસંગ એવો સુંદર આપણા સંપ્રદાયના ઈતિહાસમાં નોંધાયો છે કે સંતો જોળી ફરવા ગયા અને ખાલી હાથે પાછા આવ્યા, બીજે દિવસે ગયા ને અઢળક સીધું લાવ્યા ત્યારે મહારાજે પૂછ્યું : 'કેમરાતોરાત આટલો ફેરફાર ?' ત્યારે સંતોએ કહ્યું : ' હે મહારાજ ! કાલે અમે અમારૂં પ્રારબ્ધ લાવ્યા અને આજે અમે તમારૂં પ્રારબ્ધ લાવ્યા છીએ.' કેટલી સમર્પણની ભાવના..!!

કોઈ વખત કલ્પના કરોને તો ખ્યાલ આવે; સારું થયું તો ભગવાનની કૃપા ને કદાચ નબળું પરીણામ આવ્યું તો અમારૂં ભાગ્ય, અમારૂં પ્રારબ્ધ હશે. અને આજે ઊંધુ થયું - સારું થાય તો કે' मैं कर्यु ! ને ખરાબ થાય તેનો ભગવાનની ઉપર દોષનો ટોપલો નાખીએ; આને ભગવાન કહેવાય ? ભગવાનની આવી ઈચ્છા હોય ? કહેવાનો ભાવાર્થ : **'જે મોઢે પાન ચાવ્યા હોય એ મોઢે કોલસા ન ચવાય.'** જે કાને ભગવાનની કથાવાર્તા સાંભળી હોય, જે આંખ્યે ભગવાનના દર્શન કર્યા હોય, જે મુખે ભગવાનની ગાથાઓ ગાઈ હોય, જે મોઢે કીર્તનો ગાયા હોય - ભગવાનના નામ સ્મરણ કર્યા હોય, જે શરીરના માધ્યમથી પૂર્ણ પુરુષોત્તમનારાયણનો આશરો કર્યો હોય ત્યારે એના વચનમાં લેશમાત્ર સંશય કર્યા સિવાય, ફેર પાડયા સિવાય

જ્યારે આપણે અવિરત ભગવાનની ભક્તિમાં કે એના શરણમાં રહીએ તો મને વિશ્વાસ છે કે ''આ સંસારમાં કોઈ એવી તાકાત નથી કે જે જીવાત્માનું ભૂંડું કરી શકે.''

## ૮ ભગવાનના મહિમાથી જ સાધન, સાધકનો મહિમા :

શ્રીજીમહારાજનો આશરો એ તો સર્વે હેતુનું લક્ષ્ય છે. કારણ કે આ મહિમાની અમો વાત કરીએ છીએ એ મહિમા શા માટે છે ? તમે અમોને મળ્યા અને અમો તમને મળ્યા એટલે મહિમા વધી ગયો ? રંજ માત્ર એમન માનશો. પાટોત્સવાદિ કાર્યોમાં દેવને લઈને યજમાન વગેરેનો મહિમા છે પણ યજમાનને લઈને જ દેવનો મહિમા વધે છે એમ નથી. પરંતુ ભગવાન શ્રીહરિ સ્થાપિત દેવો તો પોતાના સ્વ-ઐશ્વર્યથી જ પ્રતાપ યુક્ત હોય છે, એમને કોઈનું આપેલું ભગવાનપણું પ્રાપ્ત થતું નથી. પરંતુ આપણા કલ્યાણને માટે જ એમની ભક્તિ-પાટોત્સવાદિ કરવાના હોય છે. પણ ક્યારેક કેટલાક પ્રસંગોમાં ભગવાનને એક બાજુ મુકીને યજમાનના એટલા બધા વખાણ કરવામાં આવતા હોય છે કે જાણે તેના વિના દેવનું - ભગવાનનું કેમેય થઈ જવાનું હોય એમ સર્વે માત્ર યજમાનના જ ગુણ ગાવા લાગી જાય છે, એ દિશાભ્રમછે.

## ૯ ભગવાનના મહિમાથી પ્રસંગનો મહિમા વધે છે,

પ્રસંગના મહિમાથી ભગવાનનો મહિમા વધ્યો ? કોઈ કહે છે કે આવા પ્રસંગો કર્યા માટે ભગવાનનો મહિમા દિગદિગંતમાં વ્યાપ્યો. ઘણાય એવા હેતુ કહે છે કે જો આવા વ્યક્તિ ન હોત, આવા સંતો-ભક્તો ન હોત તો ભગવાનને કોણ માનત ? ભગવાનનું ઐશ્વર્યપણું કે ભગવાનપણું એ કોઈના તાબે નથી કે એ કહે તો જ ભગવાન પ્રસિદ્ધ થાય. ભગવાન તો પોતાના સ્વબળે કહેતા પોતાના આ ઐશ્વર્યથી સ્વગુણે કરીને પોતાનું ઐશ્વર્યપણું પ્રગટ કરતા હોય છે. જ્યારે સોળ ચિહ્ન દેખાડ્યા ત્યારે ? લોજમાં મહાપ્રભુ નીલકંઠ વર્ણી પોદળામાં સાંઠીકડું ખુંતાડે અને બ્રહ્માંડ દેખાડે !! આપણે કથા જાણીએ છીએ ને ગામની બાઈઓ પોદળો ઉપાડે તો શું દેખાય ? બ્રહ્માંડ કોણ દેખાડતું હતું ? તો એ ભગવાન શ્રીહરિ, એમના ઐશ્વર્યથી એ કાર્ય થતું હતું. માતાને મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું ત્યારે કોઈએ કહેવા નથી જાવું પડતું કે આ ભગવાન છે, તોય એને ચમત્કાર દેખાડ્યો છે.

હા, એટલું ખરું કે અબોધ ભક્તને આ દિવ્યતાને સમજાવવા માટે **એક માધ્યમની જરૂર પડે છે અને એ માધ્યમ વક્તા છે, એ શાસ્ત્રો છે એનો ઉપયોગ આ જીવાત્માને કરવાનો છે** પણ એ માધ્યમના હોય તો ભગવાનનું અસ્તિત્વ મટી જાય એવું માનવાને કારણ નથી; ભગવાનના મહિમાના યોગે કરીને આ સત્સંગની શોભા અને મહિમા છે - આત્માના બળે કરીને આપણું જે આ જપ-તપનો સ્વીકાર કરનારા ભગવાન છે માટે આપણા એ જપ-તપની કિંમત છે. જો એ ભગવાન ન હોય તો એની કાંઈ કિંમત નથી. અને એટલા માટે જ વ્હાલા ભક્તો ! **આપણા સૌના કેન્દ્ર એ શ્રી હરિકૃષ્ણ મહારાજ છે.** અને એ જ્યાં સુધી આપણા કેન્દ્ર છે ત્યાં સુધી આપણી વૃત્તિ એ જગતના તમામ પદાર્થોમાંથી પાછી વાળી અને આપણા કેન્દ્રમાં જો જોડીશું તો આપણો કોઈ વાળ વાંકો થવાનો નથી. આપણે ધર્મની રક્ષા કરીશું તો આપણી પણ રક્ષા ધર્મ કરશે. ભગવાનને રાજી કરીએ તો ભગવાન આપણા ઉપર રાજી છે એવું મનાય-દેખાય. છતાં પણ સાવધાન રહેજ્યો, જીવનમાં ગાફલત ન રહી જાય તેનો ખટકો રાખજ્યો; તો હંમેશા તમારા ઉપર મહારાજનો રાજીપો રહેશે જ...અસ્તુ મંગલમ્॥

(આઠમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી - ૨૦૦૩, સરધાર)

## ૧૦ સંકીર્તન-ભક્તિનો ભાવાર્થ વર્ણન :

મનુષ્ય જન્મજીવાત્માને પોતાનો મોક્ષ કરવા માટે મળે છે. મોક્ષ પ્રાપ્તિના ઉપાયો પણ શાસ્ત્રમાં બતાવ્યા છે. જેમાં સર્વ ઉપાયોમાં શ્રેષ્ઠ ઉપાય તો આ ઘોર કળિયુગમાં ભગવાનની કીર્તન-ભક્તિ બતાવેલી છે. જીવાત્મા જ્યારે પરમાત્માના સ્વરૂપમાં પોતાની વૃત્તિને એક કરી પોતાના ભક્તિભાવને ઓતપ્રોત કરે છે ત્યારે તે ભાવથી ભગવાન જરૂર ભિંજાય છે.

આપણા નંદસંતોએ કીર્તનોમાં જે ભાવ વ્યક્ત કર્યો છે તેના એક એક શબ્દમાં શ્રીજીમહારાજને પામવાની લગ્ની દેખાય છે, સર્વોપરીપણું દેખાય છે. જો જીવાત્મા આ શાસ્ત્રોના કે કીર્તનોના શબ્દોને જીવનમાં યથાર્થ ઉતારે તો આ સમગ્ર સંસારમાં કોઈ અભાગીયો ન રહે, ભગવાનથી વિખુટો ન રહે.




આજે પણ તેવી પરમાત્માની કીર્તન-ભક્તિમાં ઊર્જા રહેલી છે.

આપણે બધાએ આ વાત સમજવાની છે કે પરમાત્માનું ઐશ્વર્ય, સામર્થી તે શાસ્ત્રમાં લખી ને આપણે વાંચી તેટલી જ છે ? ના, આપણી મર્યાદા હોય છે. જીવાત્મા બધ્ધ અવસ્થામાં છે તેના કારણે તેની મર્યાદા પ્રમાણે જ જાણી-સમજી શકે છે. વ્યક્તિ ક્યાં સુધી જોઈ શકે છે ? ક્યાં સુધી સાંભળી શકે છે ? ક્યાં સુધી સમજી શકે છે ? તો પોતાના નેત્રની મર્યાદા છે ત્યાં સુધી જોઈ શકે છે, સાંભળી શકે છે અને પોતાની બુદ્ધિની મર્યાદા છે તેટલું સમજી શકે, બોલી શકે છે.

જો આપણે આપણી સમજણના માપદંડથી આંકવા જઈએ તો પરમાત્મા ક્યારેય માપી શકાતા નથી. ભગવાનનું ઐશ્વર્ય વેદો કે પુરાણોમાં કહ્યું તેટલું જ નથી. કારણ કે શાસ્ત્રકારો ભગવાનના મહિમાનું વર્ણન કરતા કરતા આગળ ન લખી શકે ત્યારે લખે છે કે 'જેને નિગમનેતિ નેતિ કરી ગાય... વેદ કહે છે : 'ભગવાનના ઐશ્વર્ય-સામર્થીનો ઈતિ જ નથી.' તેથી પરમાત્માના મહિમાનો કોઈ પાર જ ન પામી શકે, શાસ્ત્રમાં ભગવાનનો મહિમા લખવામાં આવ્યો કે જેટલી શાસ્ત્રની રચના કરનારની મર્યાદા હતી, વાંચન પણ એટલું જ કરવામાં આવે છે કે જેટલું વાંચનારની મર્યાદા છે, અને સમજાય છે એટલું જ કે જેટલી સાંભળનારની મર્યાદા છે. પરંતુ તમામ મર્યાદાઓથી પર ભગવાનનો મહિમા રહ્યો છે, સર્વોપરીપણું રહેલું છે. તેથી કોઈ એમ ન કહી શકે કે મેં સંપૂર્ણ પરમાત્માને જાણ્યા છે.

આપણે સર્વેએ હજુ ઘણું બધું ભગવાનના સ્વરૂપને સામ જવાનું બાકી છે. સત્સંગ શિબિરો - છાવણી, કથા-પારાયણો, ઉત્સવ-સમૈયા વગેરે કરીને તો જ કરવાનું છે. આપણે શ્રીજીમહારાજ પાસે એમજ માંગવું કે હે મહારાજ ! આપની વિશાળ મોટપને સંકેલી મારા હૃદયકમળમાં સદાયને માટે નિવાસ કરીને રહો. અને અમારા ત્રિવિધ તાપોને બાળી ભસ્મકરો, અમોને શાંતિ પ્રદાન કરો - આ પ્રકારે પરમાત્માને પ્રાર્થના કરતા રહેવું જોઈએ એવો આ કીર્તનોનો ભાવાર્થ છે.



(ઉદ્‌ઘાટન સમારોહ - સરધાર, ૨૦૦૭)

## ૧૧ શાકોત્સવની પરંપરા અને મહાપ્રસાદનું માહાત્મ્ય :

શ્રીજીમહારાજે આજથી સવાબસો (૨૨૫) વર્ષ પહેલા આ પૃથ્વી ઉપર મનુષ્ય દેહનું ધારણ કરી આ સંસારમાં ભટકતા અનંત જીવાત્માઓને પોતાના સ્વરૂપની ઓળખાણ થાય, તે સ્વરૂપમાં પ્રીતિ બંધાય અને ભગવાનના યોગમાં આવવાથી ગમે તેવો અધમ-પાપી જીવાત્મા હોય તો પણ પરમાત્માના યોગમાં આવવાથી તે જીવાત્માનું મન નિર્મળ બને તેવા હેતુથી આ સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિએ ઉત્સવ-સમૈયાઓની પરંપરા સ્વયં સ્થાપિત કરેલી છે.

ભોજન તો આપણા ઘરે પણ બને છે, બજારમાં અને સમાજના વ્યવહારિક લગ્નાદિક પ્રસંગોમાં પણ ભોજન બનતું હોય છે. પરંતુ જગતના મેળાની અંદર મળતું ભોજન અને ભગવાનના યોગમાં આવેલું, ભગવાનને થાળમાં ધરાવેલું જે ભોજન તેમાં આસમાન-પાતાળનો ફરક છે.' કારણ કે દરેક જગ્યાએ આપણે શાકોત્સવમાં મહારાજના સાંનિધ્યમાં, મહારાજની સ્મૃતિએ સહિત જે ભોજન બનાવવામાં આવે છે તેમાં વિશેષ ગુણો રહેલા છે. જેમએક વખત ભગવાન શ્રીકૃષ્ણને માતા જશોદાએ પ્રશ્ન કર્યો : "બેટા કાનગોપાલ ! આપણા ઘરમાં દૂધ-દહિંના ભંડારો ભર્યા છે છતાં પણ તમારે ચોરી કરવાની જરૂર શા માટે પડે છે ? આ તમોને શોભે નહિ તેવું શા માટે કરો છો ?" ત્યારે બાળપ્રભુ શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું : "માતાજી ! આપણા ઘરમાં જે દૂધ-દહિં-ઘી-માખણના જે ભંડાર ભર્યા છે છતાં હું ગોપીકાઓને ઘેરે જઈ ચોરી કરીને પણ દૂધ-દહિં-ઘી-માખણ આદિક ખાવાનું મન થાય છે તેનું કારણ એ છે કે એ ગોકુળની ગોપીકાઓ માખણ વલોવતી વલોવતી એકબીજી સખીઓ કાનાની વાતો કરતી હોય ત્યારે તેમનું ચિત્ત કાનાના સ્વરૂપમાં પરોવાયેલું રહે છે, માત્ર હાથ જ માખણ વલોવતા હોય છે તેથી મને માખણ ખાવાનું મન થાય છે." તેમઆપણે આ શાકોત્સવની અંદર જે કંઈ બનાવતા હોઈએ ત્યારે શ્રીજીમહારાજની સ્મૃતિ સહિત અને પ્રસાદની ભાવનાથી બનાવીએ છીએ. અને ઘરે અનેક વિટંબણાની વચ્ચે -મનના અનેક વિચારવમળ વચ્ચે ભોજન બનતું હોય છે ત્યારે ભગવાનને યાદ કરવા ઘણું કઠણ બને છે. તેથી જ સંસારની ચિંતાઓથી બનાવેલા સગુણ-તત્ત્વમય ભોજનને પ્રસાદ કહેવામાં આવતો નથી.

સાંપ્રદાયિક ઉત્સવ-સમૈયામાં ભગવાનને પ્રાધાન્ય રાખી

અખંડ ભગવાનની સ્મૃતિના વાતાવરણમાં બનેલું ભોજન પરમાત્માને ધરાવવામાં આવે ત્યારે ભોજન નિર્ગુણ બની જતું હોય છે, તેને જ્યારે પ્રસાદમાં અંગીકાર કરવામાં આવે છે ત્યારે તેનો સ્વાદ કંઈક જુદો જ હોય છે.

જેમએક વખત રાજા અકબર બીરબલને કહે : 'રીંગણાં બહુ ખરાબ. ચરકાં બહુ અને કાળાં પણ બહુ અને તેનું શાક ખાઈએ તો ગરમપડે.' ત્યારે બીરબલ કહે : 'જી હજુર, જી હજુર.'

બીજે દિવસે અકબર નવાબે બીરબલને કહ્યું : 'બીરબલ ! રીંગણાંનું શાક તો બહુ સારું થાય હોં !' બીરબલ કહે : 'જી હજુર, જી હજુર !'

આ સાંભળી અકબર કહે : 'બીરબલ, આજે આમ કેમ? કાલે મેં રીંગણાંનો નિષેધ કર્યો ત્યારે તો તમે 'જી હજુર, જી હજુર' કરતા હતાં.'

ત્યારે બીરબલ હાથ જોડીને બોલ્યા : 'હજુર ! હું રીંગણાંનો ચાકર નથી પણ તમારો ચાકર છું. તમે જેમાં રાજી તેમાં મારે 'હાજી, હાજી' કરવાનું !'

તેમ આપણે જમવા માટે જ મારા શરીરની ભૂખ ભાંગવા કે માત્ર રીંગણાંના મહિમાથી ઉત્સવ-સમૈયામાં ભેગા થતાં નથી. પરંતુ લોયામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સુરાખાચરના અનન્ય ભક્તિભાવને આધીન બની ત્યાં બે માસ રહી વિવિધ પ્રકારનાં લીલા-ચરિત્રો સાથે અપૂર્વ રીતે રીંગાણાં શાકોત્સવ કર્યો તે પ્રસંગની ઝાંખીને સાથે આપણે તો આ ભગવાનની કથા-વાર્તા-સત્સંગનો લાભ લઈ શ્રીજીમહારાજનો મહાપ્રસાદ અંગીકાર કરીને આત્માની ભૂખ ભાંગવાને માટે ભેગા થઈએ છીએ. માટે આ પ્રસંગનો મહિમા છે.

(ભવ્ય શાકોત્સવ - સાવરકુંડલા, ૨૦૦૭)

## ૧૨ શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ્ :

આપણને આ મોંઘો મનુષ્ય જન્મમળ્યો છે ત્યારે આ સંસારમાં અનેક વિટંબણામાંથી અલિપ્ત રહી, દૂર રહી આપણા મનને પરમાત્મા સાથે જોડવાનું છે. અને તે જ વાત સૌથી કઠણમાં કઠણ છે. જો જીવાત્મા પોતાના મનને નિયંત્રણમાં રાખે તો જ તેનાથી શુભકાર્યો થાય છે, માટે પુરુષ પ્રયત્ન કરી મનને અંકુશ કરવાનું છે. તેના માટે ભગવાનની ભક્તિ કરવી પડે છે અને તેનાથી પરમાત્માની કૃપા થાય. માટે શ્રદ્ધા સહિત ભક્તિ કરવાથી પરમેશ્વરનો રાજીપો પ્રાપ્ત થાય છે.

શ્રીજીમહારાજ મધ્ય પ્રકરણના ૧૬માં વચનામૃતમાં કહે : 'શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ્' શ્રદ્ધા સહિત ભક્તિથી જ્ઞાનની પ્રાપ્તિ થાય તે જ્ઞાનથી ઈન્દ્રિયો પર સંયમ રખાય છે. જેને આવા જ્ઞાનની પ્રાપ્તિ થાય તેને ભગવાનની પ્રાપ્તિ થાય છે. આ કથા-વાર્તા દ્વારા જે જ્ઞાન થાય છે તેનાથી મનનો નિગ્રહ કરી ઈન્દ્રિયને વશ કરીને પરમાત્માની ભક્તિ કરવાની છે. માણસ સત્તા ને ઉંમરે કરીને ગમે તેટલો મોટો હોય, છતાં પણ ભગવાનને પામવા માટે એક બાળકના જેવી આતુરતા જેનામાં હોય તેને જ શ્રદ્ધાવાન કહેવાય છે.

'આપણે ઘણી વખત કહેતા હોઈએ છીએ કે 'આ વખતે નથી જવું' 'ચાલશે નહિ જઈએ તો પણ' 'ફરીને ક્યારેક જાશું.' આવા તમામ વાક્યો તે શ્રદ્ધાવાન પુરુષના નથી. શ્રદ્ધાવાન પુરુષને એમ થાય કે 'આ સમયે જ કાર્ય પુરુ કરવું છે' 'આ સમય મળ્યો છે તેવો હવે ક્યારેય સમય મળવાનો નથી' તેમસમયને પારખી સમયનો સદ્ઉપયોગ કરે છે. આમ, જીવનમાં નિયમ-નિશ્ચય-પક્ષ અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ જેવા અંગોને દૃઢ કરી ભગવાનને રાજી કરી શકીએ ત્યારે સાચા શ્રદ્ધાવાન કહેવાશું.

(ભવ્ય શાકોત્સવ - સાવરકુંડલા, ૨૦૦૭)

## ૧૩ એક લક્ષ્ય મારું સર્વસ્વ શ્રીજીમહારાજ :

જ્યારે ભારતનું બંધારણ એટલે **'Consitation of India'** તૈયાર થતું હતું ત્યારે તેની અંદર પહેલા જ શબ્દો લખાયા : **'for the People, by the People, to the People'** - આ બંધારણ સમાજ દ્વારા છે, સમાજનું બનાવેલું છે, સમાજ માટે બનાવેલ છે. તેમ આપણો દેહ છે તે ભગવાન માટે છે, ભગવાનની કૃપાથી મળ્યો છે, ભગવાનના કાર્ય કરવા માટે મળ્યો છે, અને ભગવાનને સમર્પણ કરવા માટે મળ્યો છે. આવી જ્યારે ઉચ્ચ ભાવના આપણા જીવનમાં હશે ત્યારે જ આપણે પરમાત્માના બની શકીશું.

જો પોતાપણાની, સ્વાર્થની ભાવના મનમાં ઉત્પન્ન થશે તો જરૂર આપણા મોક્ષમાર્ગમાં વિઘ્ન આવશે. માટે જાગૃત બની ક્યાંય પણ ભટક્યા વિના એક લક્ષ્ય રાખી જેમ અર્જુનજીને



એક ચકલીની માત્ર આંખ દેખાતી હતી તેમ આપણે પણ એક જ લક્ષ્ય હોવું જોઈએ કે શ્રીજીમહારાજને રાજી કરી મારે મારું આત્યંતિક કલ્યાણ કરવું છે.

(ભવ્ય શાકોત્સવ - સાવરકુંડલા, ૨૦૦૭)

## ૧૪ આજ્ઞા એજ સત્સંગનો દૃઢ પાયો :


ધર્મ હંમેશા સદાચાર શીખવે છે, ધર્મ હંમેશા સંસ્કાર આપે છે. આપણે પણ જો તે સંસ્કારને અનુરૂપ બનીશું તો આપણા બાળકો પણ સંસ્કારી બનશે. પરંતુ જો એ સંસ્કારને આપણે જીવનમાં અપનાવશું નહિ તો આપણે જોઈ શકીએ છીએ કે આજના બાળકો-યુવાનો માતા-પિતાને દૂર ધકેલી દેતા જણાય છે. આ બધી પરિસ્થિતિઓ ધર્મ અને સંસ્કારના અભાવે સર્જાતી હોય છે. માટે દરેક ભક્તજનોને અમારો અનુરોધ છે કે જીવનમાં ભગવાન શ્રીહરિની આજ્ઞાનું સતત અનુસંધાન રાખવું એજ સત્સંગનો દૃઢ પાયો છે.

(ભવ્ય શાકોત્સવ - સાવરકુંડલા, ૨૦૦૭)

## ૧૫ આનંદનું મૂળ ભગવાન છે :

ભગવાનની પ્રાપ્તિના આનંદ જેવો બીજો કોઈ આનંદ નથી. ભક્ત મીરાંને ભગવાન મળ્યાના અને ભગવાનના મહિમાના આનંદની સામે રાજ-સમૃદ્ધિ પણ તુચ્છ લાગ્યાં, એ અનુભવ થયો. ભક્ત મીરાંને આપણે જોયાં નથી, પણ એમનાં કીર્તનો સંભારીએ તો એનો પણ આનંદ આપણને આવે છે. નરસિંહ મહેતાનો પણ ભગવાનનો મહિમા સમજાઈ ગયો અને ભજનો ગાયાં તો આજે એ ભજનોમાંથી આનંદ આવે છે. આમ, આનંદનું મૂળ ભગવાન છે. એ જીવમાં દૃઢ થઈ જાય તો જગતની માયા રહેતી નથી. માટે સહુ ભક્તજનો જીવનમાં ભગવાનને દૃઢ કરીને રાખજો.

(ભવ્ય શાકોત્સવ - સાવરકુંડલા, ૨૦૦૭)



## ૧૬ શિક્ષાપત્રીનું માહાત્મ્ય :

કોઈપણ વસ્તુની પ્રાપ્તિ ઘણી કઠણ હોય છે. પરંતુ તે વસ્તુ પ્રાપ્ત થયા પછી તેને સાચવી રાખવી, સંગ્રહિત કરવી, તેને જાળવવી વધારે કઠણ હોય છે. તેમ આપણો જીવ તે મોક્ષની પ્રાપ્તિના માટે અનંત જન્મોથી ભટકે છે, કર્મો કરે છે. તેના અનેક સત્કર્મોના ફળસ્વરૂપે આ મનુષ્યદેહ પ્રાપ્ત થયો તેમાં પણ જ્યારે પુણ્યનો ઉદય થાય ત્યારે જ જીવાત્માને પરમાત્મા તરફ ગતિમાન થવાનું બળ મળતું હોય છે. આ સંસારમાં અનેક પુરુષાર્થ કર્યા પછી પણ જે પરમાત્મામાં પ્રીતિ નથી કરી શકતો, તેને ઘણુ સમજાવ્યા પછી, સદ્ઉપદેશ આપ્યા પછી તેનું ચંચળ મન હા નથી પાડતું તેનું એકમાત્ર કારણ છે કે તેના પુણ્ય હજુ ઉદય થયા નથી.

જેમ મોબાઈલ ફોન કરતાં હોઈએ ને સ્પષ્ટ વાત ન સંભળાય તો આપણે કહીએ કે નેટવર્ક બરાબર નથી. જો આપણે વ્યવસ્થિત રીતે નેટવર્કની રેંજમાં આવી જઈએ તો વાત સ્પષ્ટ સંભળાય છે. તેમ ભગવાનનું સ્વરૂપ તો બધે જ છે પણ જો આપણે તેમની આજ્ઞા રૂપી નેટવર્કની બહાર હોઈએ તો પરમાત્માના સ્વરૂપનું સુખ ક્યારેય પ્રાપ્ત થતું જ નથી. જો તેમની આજ્ઞા-ઉપાસના રૂપી નેટવર્કમાં રહીશું તો ભગવાનની મૂર્તિનું સુખ આપણને જરૂર મળશે.

શાસ્ત્રો અમોને ઘણાજ પ્રિય છે અને જ્યારે શાસ્ત્રોક્ત પ્રમાણે કથા થતી હોય તો અમોને સાંભળવાનું પણ ઘણું મન થાય છે, અમારી એવી હંમેશને માટે રૂચિ રહી છે. જેવી રીતે શાસ્ત્રમાં કહ્યું હોય તેવી જ રીતે તલમાત્ર પણ ફેરફાર કર્યા વગર કહેવામાં આવે તે જ વાત આપણા જીવનનું કલ્યાણ કરનારી બને છે, તે જ વાત આપણા હૃદય સોંસરી ઊતરે છે.

જેમ શરીરના રોગ નિવારવા માટે લીધેલી દવા જો લઈને મુકી રાખવામાં આવે, દવાને રોજ હાથમાં લઈને જોઈ પાછી મુકી દેવામાં આવે તો શરીરને નિરોગી બનાવી શકાતું નથી. જો દવાને ગ્રહણ કરવામાં આવે તો તે ગુણાકારી બને છે. એ વાત નિર્વિવાદ છે કે દવાના સ્પર્શથી જોવાથી નિરોગી થવાતું નથી પણ શિક્ષાપત્રી તો એવું ઔષધ છે કે જેનું માત્ર દર્શનાદિથી પણ સેવન કરવાથી ભવરોગને ટાળે છે. ભગવાન શ્રીહરિ અંત્ય પ્રકરણના ૧લા વચનામૃતમાં લખે છે : "અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્યે કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા


અનુસંધાન પાન નં. ૨૫ પર

પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ અને તે દિવ્ય સ્વરૂપની ઓળખાણ કરાવીને અનંત જીવાનાં કલ્યાણનો શાશ્વત રાજપથ ઉદ્‌ઘાટિત કરનાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દક્ષિણ વિભાગના અમારા પ્રાણપ્યારા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ૩૪મી જન્મજયંતી પ્રસંગે

# એક સુસંયમિત આદર્શ જીવનગાથા...

- સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રાજુ ભગત



સુવિધાઓ અને સુખ સગવડો વચ્ચે જ જીવન વિતાવ્યું હોય એવા નબીરાના સ્વાસ્થ્યની આ વાત નથી. આ તો એક એવા મહાપુરુષના આરોગ્યની વાત છે કે જે સંપ્રદાયના સમગ્ર દક્ષિણ વિભાગના રાજાધિરાજ હોવા છતાંય જેમણે સુવિધાઓની પરવા કર્યા વગર પોતાના શરીર પાસેથી બેહદ કાર્ય લીધું છે.સ્વાસ્થ્યની અનેક વિકટતાઓને ઓળંગીને પાર આવેલ, વહેલી સવારથી મોડી રાત સુધી સતત કર્મરત રહેનાર, એમની કર્મશીલતા, સતર્કતા, પ્રફુલ્લિતતા, સ્ફૂર્તિ એ હરકોઈને અનેરો આશ્ચર્ય ઉપજાવે છે. સત્સંગીઓના હિતાર્થે સેંકડો ને હજારો ગામડાંઓની ધૂળ ખૂંદતા પ.પૂ. લાલજી મહારાજશ્રી છેલ્લા ૨૫ વર્ષથી નાની વયે વિચરણ કરી રહ્યા છે. ભક્તજનોના દુ:ખદર્દ સાંભળવામાં અને નિવારવામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ નથી જોયા રાત કે દિવસ. ધૂપસળીની જેમસર્વસ્વ કુરબાન કરી તેઓએ અસંખ્ય લોકોને સુવાસ અર્પી છે, આવી આવી અનેક વ્યાખ્યાના સંદર્ભમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી એક વિરલ વિશિષ્ટ અને મુઠ્ઠી ઊંચેરા મહાપુરુષ છે.

ભલભલો લોખંડી પુરુષ પણ વરાળ બનીને નામશેષ થઈ જાય એવા સંજોગોમાંય તેઓ ગંગાના પ્રવાહની જેમસહજતાથી વહેતા રહ્યા છે, આટલી નાની વયથી જ પ્રચંડ પુરુષાર્થ વહેલી સવારથી મોડી રાત સુધી કઈ રીતે પ્રફુલ્લિતતા-આનંદ-મોજથી સતત કર્મશીલ રહે છે ? એ પ્રશ્નના ઉત્તર પાછળ કોઈ મહા અલૌકિક શક્તિ કામકરે છે તે જરૂર આપણી નજર સમક્ષ નીતરી આવે છે. જેની સમીક્ષા માટે આપણે અહીં કેટલાક ગુણાત્મક પરિબળોનું પરિશીલન કરવાનું છે.

## ૧ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભોજન :

'માનવીના આરોગ્યનો સૌથી મોટો જો કોઈ શત્રુ હોય તો તે વધુ પડતો આહાર છે.' 'યુક્ત આહાર કરનાર સુખી થાય છે' આવું અનેક શાસ્ત્રો કહે છે. સંયમપૂર્વકનું જીવન અને યુક્ત આહાર-વિહારમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી એક અર્વાચીન મહાઋષિને પણ ટકોર મારે એવાં છે.

આયુર્વેદ કહે છે : 'ये गुणाः लंघने प्रोक्ताः ते गुणाः अल्पभोजने ।' અર્થાત્ ઉપવાસથી જે લાભ આરોગ્યમાં થાય છે તે જ લાભ અલ્પ માત્રામાં લેવાતાં ભોજનથી થાય છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રી ખૂબ અલ્પમાત્રામાં ભોજન લે છે. મિષ્ટાન કે વધુ પડતાં પૌષ્ટિક ઘી-દૂધ વગરનો સાત્ત્વિક ખોરાક અને તે પણ ખૂબજ અલ્પમાત્રામાં લઈને માત્ર શરીરને પોષણ આપવાં પૂરતું જમે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ક્યારેય કોઈ વાનગી માટે ફરમાઈશ કરી હોવાનું ક્યારેય પણ બન્યું નથી!

ભોજન કરતાં કરતાં પણ સતત ભક્તિ શરૂ જ, લફડફફડ નહિ, ઉતાવળિયું ભોજન નહિ પણ શાંત ચિત્તથી અને સંતો સાથે ભગવદ્ આનંદની વાતો કરતાં અને વળી જેમશ્રીજીમહારાજ ભોજન કરતા ત્યારે એવી ચતુરાઈ બતાવતાં કે પોતાના હાથની આંગળીના પ્રથમટેરવા પણ ન બગડે તેવી સુઘડતા-સ્વચ્છતાની સાથે ભોજનની રીત આજે પ.પૂ. લાલજી મહારાજશ્રીમાં જોવા મળે છે. ક્યારેય પણ અનાજ તો કોઈના પણ હાથનું ન જમે. (પોતાના નિવાસસ્થાન સિવાય) ઘણું વિચરણ હોય તો પોતાની સ્વહસ્તે ખીચડી આદિક ભોજન બનાવી લે છે, પરંતુ ગમે તેવા પવિત્ર સંતો કે ગૃહસ્થ ભક્તો હોય તો પણ કોઈના હાથનું અનાજ ન લે. ઘણીઘણી વાર લાંબી મુસાફરી હોય તો બે દિવસનું દૂધમાં બનાવેલ ભોજનનું ટીફીન સાથે લઈ લે છે પણ બીજાનું હાથનું ક્યારેય સ્વીકાર ન જ કરે. વિચરણમાં બહુધાતો ફળાહાર કરી ચલાવી લે એવું અદ્ભૂત યોગી જેવું જીવન છે. તે ફળાહાર પણ કેવું? કેવળ બટેટા અને ભીડાંની તળેલી વાનગી જ, ન દૂધ કે દહીં.

ભાવતી વાનગી પર તૂટી પડનારાઓ પોતાના સ્વાસ્થ્યને પણ તોડી પાડે છે. એવા લોકોને સંબોધતા પ.પૂ. લાલજી મહારાજશ્રી ઘણી વખત કહે છે : ''અન્ન પારકું હોય છે પણ પેટ પારકું નથી હોતું. -જીવવા માટે ખાવાનું છે, ખાવા માટે જીવવાનું નથી. -ભજન કરતાં કરતાં ભોજન કરવું.''

આમ, સંયમ-નિયમમાં તેઓ એવરેસ્ટની ઊંચાઈ પર છે. આ ઘોર કળિકાળમાં ભરયુવાનીમાં પણ આજીવન શુદ્ધ અને નિષ્કલંક જીવન જીવનાર પ.પૂ. લાલજી મહારાજશ્રી છે. જેની સાક્ષી રૂપે સંયમપણ એમના મુખારવિંદ ઉપર એક અનોખી આભા અને પ્રફુલ્લિતતા બનીને સદૈવ ઝળકે છે.



## ૨ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું વિચરણ :

ઉપનિષદકાર કહે છે : 'चरैवेति चरैवेति...' ચાલ્યા જ કરો...ચાલ્યા જ કરો - આ વાક્યને જાણે જીવનમાં સાકાર સ્વરૂપ આપનાર પ.પૂ. લાલજી મહારાજશ્રી સત્સંગ સંપોષણ માટે સતત વિચરણ કરતાં જ રહે છે. વિચરણની સાથોસાથ પગે ચાલીને પણ ઘરોઘર જઈ પધરામણી કરે છે. ઈ.સ. ૨૦૦૦ની સાલમાં ચાર-પાંચ દિવસના ટૂંકા સમયમાં જ ૫૦૦ થી વધારે ઘરોમાં પધરામણી કરી પોતાના ચરણકમળથી ભક્તજનોના ઘરોને પાવન કર્યા હતા. તે પણ બે-ત્રણ માળ ચડીને તો ક્યાંક પાંચ-છ માળ ચડી ચડીને હરિભક્તોના ભાવ પૂરા કર્યા છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી વહેલી સવારથી મોડી સાંજ સુધી પોતે એકલા રહે ને સાથે રહેનાર સંતો-ભક્તો કલાકે-કલાકે બદલી જાય, થાકી જાય. છતાં પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચહેરા પર થાક કે આળસની એકપણ રેખા ન જોવા મળે.





અને ચાલ તે કેવી તો...

'ચૂપીલી ચટકંતી ચાલ, પોતે તો સહેજે ચાલ્યા જાય;

બીજા પાછળ ધાયે, તો પણ ન પહોંચાય.' એવી

સહજ સ્વાભાવિક ચાલથી ચાલે તો પણ સંતો-હરિભક્તોને દોડવું પડે ત્યારે સાથે ચાલી શકે, તેવી ઉતાવળી ચાલ ! જાણે કે સમગ્ર ગુણ સ્વાભાવિક શ્રીજીમહારાજમાંથી ઉતરી આવ્યા હોય એવા સૌને દર્શન થાય છે.

## 3 પ.પૂ. લાલજી મહારાજશ્રીની યોગનિદ્રા :



ચરક ઋષિ ચરક-સંહિતામાં કહે છે : 'સુખ-દુઃખ, શક્તિ-અશક્તિ, જીવન-મૃત્યુ એ બધું ઊંઘ પર અવલંબે છે. આયુર્વેદમાં સ્વાસ્થ્યના ત્રણ આધારસ્તંભોમાં નિદ્રાનો પણ સમાવેશ કરવામાં આવે છે : 'त्रयः उपस्तंभाः इति आहारः निद्रा ब्रह्मचर्यम् इति ।।' આધુનિક તબીબી વિજ્ઞાનીઓ કહે છે કે આરોગ્યની જાળવણીમાં કદાચ સૌથી વધારે મહત્ત્વનો ફાળો ગાઢ નિદ્રાનો છે. ગાઢ નિદ્રાથી શરીરના દરેક પ્રાણધારક અવયવોને પૂરતી તાજગી અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રી વહેલી સવારથી આખો દિવસ કપરામાં કપરી જવાબદારીઓ અને મીટીંગોમાંથી મુક્ત થયા પછી તેમને સૂવાનું હોય ત્યારે જાણે આખા દિવસની કોઈ પ્રવૃત્તિ કરી જ નથી એવા હળવાફૂલ થઈને આરામમાટે જાય છે. પથારીમાં સૂતા કે થોડી જ પળોમાં ગાઢ નિદ્રામાં સરી પડવાની એમની સ્વાભાવિકતા છે. એટલું જ નહીં, નિર્ધારિત સમયે જાગી જવાની પણ એમની ખાસિયત છે.

અરે ! ઘણી ઘણીવાર તો સત્સંગ સભાને પૂર્ણ કરતાં તેમજ હરિભક્તોને સત્સંગનું રહસ્ય સમજાવતાં રાત્રિનાં એક-બે વાગી જાય. છતાં પણ સૂતા પહેલા કોઈને કોઈ આધ્યાત્મિક ગ્રંથનું થોડું વાંચન બાદ યોગનિદ્રાને અપનાવે છે. આમછતાંય સવારે વહેલા કાર્યક્રમો હોય તો ૪.૦૦ કલાકે જાગી જઈ, સ્નાન-પૂજાપાઠ આદિક આહ્નિકવિધિમાં પરવારી પોતાના સત્સંગ વિચરણને આગળ ધપાવે છે.

આમ, પ.પૂ. લાલજી મહારાજશ્રીનું અનેરું અદ્‌ભૂત જીવન નીરખતાં સૌ કોઈનું હૃદય કબુલ કરે કે એમનામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ-પ્રત્યક્ષરૂપે રહીને તેઓના સ્વાસ્થ્યની રક્ષા કરે છે.





## ૪ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું માનસીક વલણ :

'જેવી મહારાજની ઈચ્છા' એમકહીને પ.પૂ. લાલજી મહારાજશ્રી જીવનનાં વિકટ દુઃખો અને મુશ્કેલીઓને જીરવી જાય છે. કપરા દુઃખદ પ્રસંગોમાં આઘાતથી હતપ્રભ કે ઘાયલ થઈ જવાને બદલે તેઓ પ્રાર્થનામાં લાગી જાય છે. એટલું જ નહીં જાણે દુઃખ આવ્યું જ નથી, એટલી સહજતાથી પોતાના મનને તેના વિચારોમાંથી મુક્ત કરી દે છે. કોઈ રોદણાં નહીં, કોઈ કડવાશ નહીં, કોઈના પ્રત્યે રોષ નહીં...!!

ભગવાન સર્વ કર્તાહર્તા છે એમમાનીએ એટલે અંતરે શાંતિ રહે. ભગવાન કોઈના દુશ્મન નથી, આપણે તો તેમની ભક્તિ કરીએ છીએ, તો પછી આપણાં દુશ્મન તો હોય જ કેવી રીતે ? તે જે કરે તેમાં આપણું ભલું જ હોય. ક્યારેક એ જે કરે છે તે આપણને નથી સમજાતું. પરંતુ એમાં આપણું ભલું જ છે, એવી દૃઢ શ્રદ્ધા જોઈએ.

આયુર્વેદ અને પશ્ચિમી તબીબી વિજ્ઞાન બંને એક મુદ્દા પર સંમત છે કે માનવીના સ્વસ્થ જીવનમાં હાસ્ય કે આનંદ મોટો ભાગ ભજવે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું વ્યક્તિત્વ ગુણગંભીર હોવા છતાં આનંદ અને રમૂજ એમની સ્વાભાવિકતા બની રહી છે. એમની આસપાસ આનંદની છોળો ઊડ્યા જ કરતી હોય, બાળકો-યુવાનો-સંતો-હરિભક્તો સૌ કોઈ પ.પૂ. લાલજી મહારાજશ્રીના આ સહજ આનંદમાં ઝૂમી ઊઠે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી સભામાં હોય ત્યારે પણ મોજમાં આવીને સૌને આનંદના મહાસાગરમાં હિલોળા લેતા કરી દે છે. તેઓ જમતાં હોય કે વિચરણ કરતા હોય ત્યારે પણ સંતો-યુવકો-હરિભક્તો સાથે દિવ્ય આનંદ રેલાતો રહે છે. રાત્રે આરામમાં જાય ત્યારેય તેમની આસપાસ સંતો-હરિભક્તોનું વૃંદ વીંટળાયેલું જ હોય અને આનંદની છોળો ઊડતી જ હોય એવું સહજ સ્વાભાવિક જીવન છે.

## ૫ પ.પૂ. લાલજી મહારાજશ્રીનો સંતો સાથેનો સ્નેહ :

આજીવન સંયમના શપથ લઈ, ગૃહસ્થાશ્રમમાં જ ભણીને ડીગ્રીઓ લઈ, અલગ અલગ પ્રાંતોની ધરતી ઉપર ઉછરેલા, વિવિધ કલાઓમાં નિપુણ સાધુતાથી ભર્યા ભર્યા સેંકડો સંતોએ સર્વસ્વનો ત્યાગ કરી પ.પૂ. લાલજી મહારાજશ્રીની હરહંમેશ સાથે રહી, એમના ચરણે જીવન સમર્પિત કર્યું છે. કારણ ? સાચા અર્થમાં અનુભૂતિના રણકા સાથે પ્રત્યેક સંતને પ.પૂ. લાલજી મહારાજશ્રીમાં માતા-પિતા-બંધુ-સખાના દર્શન થાય છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પડ્યો બોલ ઝીલી સંપ્રદાયના સેંકડો સંતો અનેકવિધ પ્રવૃત્તિઓમાં ગળાડુબ છે - એકાંતિક ધર્મપ્રવર્તન, વ્યસનમુક્તિ, ભગવત્પરાયણ જીવન જીવવું એવી પાયાની પ્રવૃત્તિઓની સાથે સાથે આયોજનો, સંચાલનો, કુદરતી આફતોમાં રાહત, ગ્રંથનિર્માણ, તબીબી સેવાઓ, પ્રકાશનો, કૃષિ, સંસ્કૃત ભાષાનું અધ્યયન જેવી પ્રવૃત્તિઓ સુપેરે કરી રહ્યા છે.



પ.પૂ. લાલજી મહારાજશ્રીના માર્ગદર્શન પ્રમાણે ચાલતાં સેંકડો બાળમંડળો - યુવામંડળો - દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ સત્સંગ મંડળો વગેરેમાં મંડળ સંચાલકો દરેક બાળ-યુવા - વડિલોમાં સત્સંગ શિક્ષણ પ્રવૃત્તિનું કાર્ય સંતો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રી કરાવે છે. સંતો દરેક કાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા અનુસાર કરે છે તો કાર્યમાં ઘણીવાર પ.પૂ. લાલજી મહારાજશ્રી વડીલ સંતોની સલાહ પણ માંગે છે. તેથી પરસ્પર અતિ સ્નેહથી સંપ્રદાયમાં અનેકાનેક કાર્યો આજે આ સત્સંગમાં થયા કરે છે. તેનું કોઈ કારણ હોય તો તે છે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતોનો પારસ્પરિક સાચો સ્નેહ.



વિશ્વવ્યાપી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દક્ષિણ વિભાગના પ્રાણરૂપ, લાખો નવયુવાનોને અધ્યાત્મના માર્ગે વાળીને તેમની શક્તિનો રચનાત્મક વિનિયોગ કરનાર વિરલ યુગસર્જક પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ૩૪મી જન્મજયંતી પ્રસંગે

# એક વિરલ વ્યક્તિત્વ...

- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી

શ્રીમદ્ ભાગવત વચન નોંધે છે :

'તસ્માદ્ ગુરું પ્રપદ્યેત જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમમ્ । શબ્દે પરે ચ નિષ્ણાતં બ્રહ્મણ્યુપશમાશ્રયમ્ ।।'

એવા ગુરુ ક્યાં મળે, જે પોતાના આશ્રિત મુમુક્ષુઓને મોક્ષની ઉત્તમસ્થિત સુધી લઈ જવા સક્ષમહોય... ?

જેની સાક્ષી ઈતિહાસ પૂરે છે.

વેદોના વચનોથી લઈ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો અને ભક્તકવિઓનાં કવનમાં જે ગુરુ-લક્ષણોની દુહાઈ દેવામાં આવી છે,

અરે ! ભારતવર્ષના અનેક મૂર્ધન્ય આચાર્યો જેમના માટે ગૌરવની લાગણી અનુભવી છે,

દેશ-વિદેશના અસંખ્ય લોકોએ જેમના દિવ્ય વ્યક્તિત્વને માણી માણીને જેમાં અનન્ય સર્વોચ્ચ ગુરુ પ્રતિભાને નિહાળી છે,

એવા વિભૂતિ રૂપ ગુરુ આજે પણ છે, અહીં જ છે.

નામશું ?


નૃગેન્દ્રપ્રસાદજી.

લોકહૈયે જડાયેલું નામ-પ.પૂ. લાલજી મહારાજશ્રી.

પ.પૂ. લાલજી મહારાજશ્રી એટલે અનેકના આર્ષદૃષ્ટા.

જેઓ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વ્હાલસોયા જયેષ્ઠ સત્પુત્ર છે.

અઢારમી સદીના ઘોર કળિયુગમાં, ઘોર સામાજીક અને નૈતિક અંધકારના સમયમાં વિના શસ્ત્રે જેમણે ગુજરાતમાં ક્રાંતિ કરીને સદાચારનાં અજવાળાં પાથર્યાં હતાં એવા સર્વોપરી, સર્વકારણના કારણ, સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણના તેઓ નવમા વંશજ અને તદર્પિત ધર્મધુરંધર ગાદીના વારસદાર છે.



અફાટ આકાશ જેવા એ વિરાટ વ્યક્તિત્વનાં ધારકની જીવનયાત્રાનો આરંભ કેવો નમ્ર હતો ! 'જેનું વર્ણન કરતા ભાવભીના કંઠ સ્વરથી 'એમના સહજ નમ્ર વ્યક્તિત્વનાં પ્રતિબિંબ સમો !' એટલું જ બોલી શકાય...

એ વિશ્વ પુરુષનું જન્મસ્થાન, વડતાલ પંથક છે.

સં. ૨૦૩૦ ના ફાગણ વદ પાંચમએટલે રંગપંચમીના પવિત્ર દિવસે પ્રભાતમાં તેઓનું પ્રાગટ્ય થયું હતું. (તા.૧૪-૩-૧૯૭૪)

ત્રણ દાયકા કરતાંય વધુ વર્ષોના એમના નિષ્કલંક ભાવિ

આચાર્યસ્થ જીવનની યાત્રા પર નજર કરીએ છીએ, ત્યારે અનેકાનેક સફળતાની સિદ્ધિઓને જોઈને - અનુવર્ણન માટે મનમાં આશ્ચર્ય સહિત પ્રશ્નો તરંગિત થાય છે કે સૌપ્રથમકેનું વર્ણન કરવું ? જેમકે તેઓના દિવ્ય ને ભવ્ય વ્યક્તિત્વનાં અસંખ્ય પરિણામોમાં સૌથી વધુ પ્રભાવક પરિણામક્યું ?

હિન્દુ સમાજના પુનરુત્થાનના જ્યોતિર્ધર ?

કે - વિશ્વવ્યાપી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દક્ષિણ વિભાગના પ્રાણરૂપ ?

કે - લાખો નવયુવાનોને અધ્યાત્મના માર્ગે વાળીને તેમની શક્તિનો રચનાત્મક વિનિયોગ કરનાર વિરલ યુગસર્જક ?









કે - દેશ-વિદેશના અનેક ગામો-શહેરોમાં વિચરણ કરી અનેક મુમુક્ષુઓને ભગવાનમાં જોડનાર, સમર્પણનો અજોડ કરિશ્મા બતાવનાર વિક્રમસર્જક મહાપુરુષ ?

કે - અનેક શ્રેષ્ઠતમઆધ્યાત્મિક મંદિરોના પ્રયોજક અને પ્રેરક ?

કે - સાહિત્ય, સંગીત કલાના પુરસ્કર્તા ?

કે - સત્સંગના હિત માટે સ્વાસ્થ્યની પરવા કર્યા વગર, દિવસ-રાત જોયા સિવાય ઘણી જ નાની વયે ચાર હજારથી વધારે ગામોમાં સતત વિજળીની ત્વરાથી વિચરણ કરનાર અનન્ય પરિવ્રાજક ?

કે - પચાસ હજાર કરતાંય વધુ પત્રો દ્વારા કે એક લાખ કરતાંય વધુ ઘરોની મુલાકાતો દ્વારા કે હજારો લોકોને વ્યક્તિગત મળી મળીને તેમના જીવનની દુર્ગમગૂંચોને ઉકેલનારા અદ્વિતિય સ્વજન ?

કે - પરાભક્તિમાં તલ્લીન રહી ભગવાન શ્રી સ્વામિનારાયણની દરેક આજ્ઞાઓમાં અક્ષુણ્ણ રહીને નિષ્કલંક જીવન જીવનાર એક આદર્શ ગુરુ ? કયા ગુણોનું વર્ણન કરવું ?

કે - છેલ્લે સર્વે હરિભક્તો તથા સમગ્ર સંતોનાં મૂર્ધન્ય પ્રતિભાવંત સાક્ષાત્ શ્રીજીમહારાજનું અપર સ્વરૂપસમા ભાવિ ગુરુ ?

એમની સેવાઓના અને વિરલ વ્યક્તિત્વનાં અનેક આયામોને લક્ષમાં લઈએ તો વિકલ્પોમાં બીજાં કેટલાંય પાસાંઓ ઉમેરી શકાય તેમછે.

એવું એવું ઘણું બધું છે. પરંતુ અમારી દષ્ટિએ તો સૌથી વધુ આકર્ષક એ છે....કે.... સૌના સ્વજન સમું પરાભક્તિથી છલકતું એમનું અહંશૂન્ય ભક્તહૃદયી વ્યક્તિત્વ !!

તે વ્યક્તિત્વને નિહાળીએ તો...

નમ્ર અને સરળ, સહજ અને પારદર્શક.

ક્યાંય દંભ નહીં. માન-મોટપની કોઈ આશા-અપેક્ષા નહીં.

મોટાઈનો કોઈ દોર-દમામનહીં. પ્રશંસાની વિકૃત અસર નહીં.

મોં પર આધ્યાત્મિકતાનું ભારેખમપણું નહીં.

ઉપકાર કર્યાનો લગારેક પણ અણસાર નહીં.

'સૌના સુખમાં જ આપણું સુખ, અનેકોનો આનંદ એજ આપણો આનંદ' - આ જીવન સૂત્ર સાથે શ્વાસે શ્વાસે પરહિતની જ રટના.

એમની પાસે આવનાર પ્રત્યેકને અનુભવ થાય કોઈ નિરાળી આત્મીયતાનો; અને એટલે જ ગરીબોના ઝૂંપડાઓથી લઈ અમીરોના મહેલાતો સુધી કંઈ કેટલાયના હૈયે સ્પર્શી ગયું આ પારલૌકિક વ્યક્તિત્વ.

જેમના જીવનની પ્રશંસા કરતા હૃદયમાં સેંકડો લોકોએ આનંદના અહેસાસનો અનુભવ કર્યો છે.

સત્સંગીઓનાં હિત માટે પોતાના શરીરની કુરબાની કરી છે. એમણે પોતાના કષ્ટની કદી ચિંતા કરી નથી. સંતો-હરિભક્તોને રાજી રાખવામાં એમના સુખ-દુઃખમાં ભાગ લેવા માટે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જે શ્રમવેઠ્યો છે,એનો હિસાબ નથી. સતત વિચરણ તો એમની આગવી વિશેષતા છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સરનામું ક્યું ? આ સવાલનો કોઈ કાયમી જવાબ જ નથી. જો કદાચ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના પ્રિયમાં પ્રિય વ્યક્તિઓની યાદી બનાવવા બેસે તો તે યાદીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું નામપ્રથમહરોળમાં સૌપ્રથમમૂકે !

માટીમાંથી જન્મેલો માનવ કેટલો મહાન બની શકે છે તે એમને જોયા પછી સહજ સમજાય જાય છે. મહાન વૈશ્વિક કાર્ય કરતા હોવા છતાં તેમનું કાર્ય કોઈને બોજારૂપ લાગતું નથી. તેઓની પાસે અજોડ મહાનતા હોવા છતાં એમની હાજરીથી વાતાવરણ ભારે ન બનતા ઊલટું હળવું ફૂલ જેવું બને છે. 'જેના સાનિધ્યમાં સૌ મોકળાશ અનુભવે તે જ સાચા મહાપુરુષ' એ વ્યાખ્યાને પ.પૂ. લાલજી મહારાજ સાર્થક ઠરાવે છે.

'ધન્ય વદન એ મહાપુરુષનું, કલેશ તણું જ્યાં નામનથી;
કાવ્ય રમે જેના ચહેરા પર, રાગ-દ્વેષને સ્થાન નથી !'

આવી મહાન પ્રતિભાને શબ્દબધ્ધ કરવાનો પ્રયત્ન કરવો એ આકાશને બાંધવા જેવું અકલ્પિત કામછે. એમની વાણીને વર્ણવવી એ ઈન્દ્રધનુષમાં આઠમો રંગ ઉમેરવા જેવું છે. એમના જ્ઞાનનું પરિશીલન કરવું એ સાગરનું ઊંડાણ માપવા જેવું કપરું કામછે. એમના ચારિત્ર્ય મહિમાને શબ્દ પુષ્પોથી નવાજવાનો પ્રયત્ન રાતરાણીના પુષ્પોને સૌરભ પ્રદાન કરવો જેવો છે. જેમનું જીવન સરસ હોય છે તેમની સુંદરતા, ઓળખાણ કે પરિચયની જરૂર જ ક્યાં હોય છે ?

સેંકડો લોકોને એક કુતુહલ છે કે પ.પૂ. લાલજી મહારાજશ્રી પાસે એવું શું છે ? કે

આજના ભૌતિક આક્રમણની વચ્ચે થનગનતા યુવાનો પ.પૂ. લાલજી મહારાજશ્રી માટે કુરબાન થવા તૈયાર થાય છે.

ભૌતિકતાએ ફેલાવેલી જાળમાં યાહોમકરી ચૂકેલા અસંખ્ય યુવાનો, સમસ્યાઓના જનરેટર જેવી યુવાનોની જિંદગીથી ભાગી છૂટનારા અસંખ્ય યુવાનોને એમણે ચાહ્યા છે.

એક જનનીની જેમ! એક પિતાની જેમ! અને એક મિત્રની જેમ!

એમણે યુવાનોને સ્નેહથી સત્સંસ્કારની ગળગૂંથી પાઈ છે. યુવાન પોતાની શક્તિ મુજબની છલાંગ લગાવી શકે તેવું આકાશ એમણે પૂરું પાડ્યું છે.

આ જ કારણે યુવાની અવસ્થા એમને માટે - એમના વચને - એમના કાર્યમાં પ્રાણ પાથરવા તૈયાર થઈ છે અને આ જ કારણે યુવાની પૂર્ણ યુવાની બની હતી, બની છે અને બનતી રહેશે.

પ.પૂ. લાલજી મહારાજશ્રી એક એવા નેતા છે કે જેણે અનેક યુવાનોને આપત્તિમાં હૂંફ આપી સથવારો પૂરો પાડી દુઃખના ભાગીદાર બન્યા છે. સેંકડો હૃદયોને આશ્વાસન, સાંત્વના અને સમજણની સંજીવની સૂંઘાડી ઉગારી લીધા છે. તેઓની સને ૧૯૮૪માં વડતાલના પ્રાસાદિક સભામંડપમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સંપ્રદાયના 'ભાવિઆચાર્ય' તરીકેની વરણી કરી ત્યારથી માંડીને, આજ પર્યંતની તેમની કર્મઠ કાર્યશૈલી પર નજર નાખીએ તો પણ તેમના બેમિસાલ નેતૃત્વને મુલવવા માટે તે પૂરતું થઈ પડે. આ નિરાળું નેતૃત્વ સકળ વિશ્વને પારંપરિક રીતે ચિરંતનકાળ સુધી સાંપડતું જ રહેશે.

'ભગવાનના ભક્તો રાજી તો શ્રીજીમહારાજ રાજી' આ જીવનસૂત્ર સાથે સેંકડો ને હજારો લોકોને હૂંફ આપનાર પ.પૂ. લાલજી મહારાજશ્રી સમગ્ર વિશ્વની એક વિરલ વિભૂતિ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં તેઓ નવમા વંશજ છે.

આ વાત્સલ્યમૂર્તિ પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં તો શંકાઓ પણ શમી જાય છે, દ્વિધાઓ દૂર થાય છે, આઘાત અદશ્ય થાય છે, ત્રિવિધ તાપથી દૂર થઈ મન શાંતિનો અનુભવ કરે છે.

મહાપુરુષોના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિક્તા છે. પ.પૂ. લાલજી

મહારાજશ્રીના વ્યક્તિત્વને જુદાં જુદાં દષ્ટિકોણથી મૂલવતા આ પ્રત્યેક લેખોની શ્રેણીના લેખકોને એવો અનુભવ અવશ્ય થયો છે. કારણ કે માનવ દેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પ.પૂ. લાલજી મહારાજશ્રીના એ વ્યક્તિત્વને સમજવાં માટે જુદાં ચક્ષુ જુદી દષ્ટિ



જોઈએ. જ્યાં શબ્દોનું સામ્રાજ્ય અત્યંત વામણું પુરવાર થાય છે. એવા વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મુકવાનો પ્રયાસ કર્યો છે. એ ગુરુભક્તિનું એક પુષ્પ માત્ર છે. કારણ કે અધ્યાત્મની આભે આંબતી ઊંચાઈઓને સર કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રીના જીવનનું વ્યક્તિત્વનું વૈવિધ્ય એવું છે કે :- 'लिखति यदि शारदा सर्वकालं तदपि तव गुणानामिश पारं न याति ।' - કદાચ શારદાદેવી પણ તેમના ગુણો લખવા બેસે તો પણ ક્યારેય પાર પામે નહીં.....

## ❖ એક ગુણ ચરિત્ર વિહંગાવલોકન...

જેમના દિવ્ય સાંનિધ્યમાં હજારો લોકોએ સુખ શાતા અનુભવી છે, પોતાની જટિલ સમસ્યાઓના ઉકેલ પ્રાપ્ત કર્યા છે, પોતાના સાચા સુહૃદ પ્રાપ્ત થયા હોય એવું સુખ અનુભવ્યું છે; જેમની વિશાળ ભાવનામાં ધર્મ, જ્ઞાતિ, દેશ, વાડો કે વિચારધારાના ભેદ લુપ્ત થઈ જઈ ત્યાં માનવતાનો સ્વચ્છ શુભ્ર સ્રોત વહેવા લાગે છે; જેમને વિશ્વના પ્રત્યેક ક્ષેત્રના - સામાજિક, ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક ક્ષેત્રના મહારથીઓ 'માનવતાનું વિલક્ષણ પુષ્પ', 'આધ્યાત્મિકતાનું મૂર્તિમાન સ્વરૂપ', 'આ સદીની એક વિશિષ્ટ વિભૂતિ', 'જીવનશિલ્પી', 'ધ્રુવધારક', 'આધ્યાત્મિકતાના ઉદ્‌ઘોષક', 'પ્રેમઅને કરુણાનો અવતાર', 'સિદ્ધસંકલ્પ પુરુષ', 'અજોડ સંચાલનકર્તા' જેવા લક્ષણવિશેષથી હૃદયપૂર્વક નવાજે છે; એવા વિશ્વવંદ્ય વિભૂતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના જીવનની પ્રત્યેક પળ તેમના જીવનનો પ્રત્યેક દિવસ, પ્રત્યેક કાર્ય, પ્રત્યેક સંકલ્પ, પ્રત્યેક ચેષ્ટા, પ્રત્યેક અમૃતવચન, પ્રત્યેક સૂચન, પ્રત્યેક ટકોર - આ સઘળાનો જો તલસ્પર્શી અભ્યાસ, વસ્તુલક્ષી મૂલ્યાંકન અને વિશ્લેષણ કરવામાં આવે તો તેમાં નરી અદ્વિતીયતા, અસામાન્યતા, અહંશૂન્યતા, નિર્દંભતા, પારદર્શિતા અને દીર્ઘદર્શીતા, વાસ્તવદર્શીતા, અદમ્ય હિંમત, બેમિસાલ (અજોડ) સર્જકતા અને અકલ્પ્ય કોઠાસૂઝનાં જ દર્શન થાય. વિશેષણો વામણાં પડે, વાણી થંભી જાય, રોમાંચ અનુભવાય, આભારની લાગણીના ઊભરા હર્ષાશ્રુ બનીને આંખોને ભીંજવે, હૈયાંના હેલા લેતાં હરિરસનો અમલ ઓસરવાની વાત ન કરે અને હૈયું એવું સતત ઝંખે કે બસ, આ અમલને ઘોળ્યા જ કરીએ, અમાપ-અતર્ક્ય-અકથ્ય કહી દઈ વિરમીએ નહીં, કારણ કે જો વિરમીએ તો રખેને પ્રાપ્તિની પરિતોષનો અમ-નશો ઊતરી જાય...!!!

તથાપિ જેમઆકાશની અપરિમિતતાને કારણે પક્ષી તેમાં વિચરણ કરીને જીવનમાં એક પ્રકારનો ઉડ્ડયનનો આનંદ મેળવે છે અને થાકી જાય ત્યારે વિરામકરે છે તેમઅમો પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીના જીવન ચરિત્ર રૂપી અનંત અપાર શુભ અવકાશમાં યથાશક્તિ ગતિ કરીને જ અત્રે વિરમીએ છીએ...





અનુસંધાન પાન નં. ૧૬ પરનું

કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો, એમ અમારી આજ્ઞા છે.'' આમ, શિક્ષાપત્રીના દર્શન માત્રથી, સ્પર્શ માત્રથી ભવરોગ મટી જાય છે. આ શિક્ષાપત્રીમાં મહારાજના હૃદયના ઉદ્‌ગારો ઠલવાયા છે, તેમાં હાવ-ભાવ અને આત્મા રહ્યો છે. તેથી જ શ્રીજીમહારાજે આ શિક્ષાપત્રીને પોતાના સ્વરૂપ સમાન સરખાવી છે.

કથાનું શ્રવણ શાસ્ત્રોક્ત રીતે યથાર્થપણે વર્ણન ન થાય ત્યારે તેમાંથી ઘણી બધી અણસમજણો ઊભી થાય છે, તેમાંથી જીવાત્માને મોક્ષનો માર્ગ મળતો નથી. આ શિક્ષાપત્રીમાં તો મહારાજે 'ગાગરમાં સાગર'ની માફક અનેક શાસ્ત્રોનો સાર સમાવી દીધો છે. ગહનમાં ગહન શાસ્ત્રોનું શ્રવણ અથવા કથન જો શક્ય ન બને તો પણ જો આ શિક્ષાપત્રીના વચનોને અનુસરવામાં આવે તો જીવાત્મા આલોકમાં સુખી થાય ને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. એવા ફળની પ્રદાતા આ શિક્ષાપત્રી છે. ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીમાં જે કંઈ લખ્યું છે તે સનાતન સત્ય છે, તેમાં કોઈપણ કંઈ ફેરફાર કરવાને સમર્થ નથી.

(ઉદ્‌ઘાટન સમારોહ - સરધાર, ૨૦૦૭)

## ૧૭ ભગવાનના પ્રાગટ્યનો ને દાખડાનો હેતુ :

ભગવાનને આ પૃથ્વી ઉપર શા માટે પ્રગટ થવું પડે ? ભગવાન શ્રીહરિને તો કોઈ કર્મ ભોગવવાના નથી, પરંતુ જીવાત્માના મોક્ષ માટે શ્રીજીમહારાજે માત્ર અગિયાર વર્ષની ઉંમરે વનવિચરણ કરીને કઠોર તપ કર્યું, ધર્મધુરા ગ્રહણ કર્યા પછી મંદિરો રચાવ્યા, શાસ્ત્રોની રચના કરી, આચાર્યની સ્થાપના કરી, સંતો-હરિભક્તોનો વિશાળ સમુદાય કરી સંપ્રદાયની સ્થાપના કરી છે. આ બધું શા માટે દાખડો કર્યો ? કોના માટે આ બધું કર્યું છે ? શું જગતમાં માન-મોટપ મેળવવા માટે ? ના, માત્ર અનંત મુમુક્ષુજનોના કલ્યાણ શ્રેય માટે મહારાજે આટલો બધો દાખડો કર્યો છે. તેથી તો ગીતા કહે છે :

'जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ! ।।'

'હે અર્જુન ! મારાં જન્મને કર્મ તે દિવ્ય છે, તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.'

આપણે જે કાંઈ ક્રિયા કરીએ તેમાં એક ધ્યેય નક્કી હોય કે 'મારે ભગવાનને રાજી કરવા છે' એમ લક્ષ્ય રાખીને જો કાર્ય કરવામાં આવે તો મહારાજને રાજી કરતા વાર લાગતી નથી. પરંતુ એવી સમજણ લાવવી બહુજ કઠણ છે.

(ઉદ્‌ઘાટન સમારોહ - સરધાર, ૨૦૦૭)

## ૧૮ મોક્ષનો ખરો ખપ અને તેનું ફળ :

વડતાલ નજીક બાંધણી ચોકડી પાસે એક વૈદ્ય રહે છે. તે વૈદ્યનું કાર્ય ઘણું જ સારું છે, તેના આપેલા ઉપચારોથી દર્દીને નિરોગી બનાવે છે. તે દર્દીને નિરોગી કરવામાં ક્યારેય નિષ્ફળ જતાં નથી. પરંતુ તેનો સ્વભાવ બહુ કડક ને અકડ છે, તેની પાસે પાંચ મિનીટ પણ સજ્જન વ્યક્તિ બેસી ન શકે. છતાં પણ તેના ચિકિત્સાલયમાં દર્દીઓની ઘણી ભીડ રહે છે. દર્દીને ગમે રીતે કહે, બોલાવે તો પણ વ્યક્તિ તેના સ્વભાવ ન ગણકારીને તેની પાસે જાય છે અને તે જે કાંઈ કહે તે બધું જ સાંભળી લે છે. કારણ કે વ્યક્તિને પોતાનો રોગ મટાડીને નિરોગી થવાનો સ્વાર્થ છે. આ સ્વાર્થને કારણે માન-અપમાન બધુંજ સહન કરે છે. તેમજો આવી સમજણ આ સત્સંગમાં આવે કે 'અમો સત્સંગમાં જે સહન કરીએ છીએ તે કલ્યાણ માટે છે.' ત્યારે...

શ્રીજીમહારાજ અંત્ય પ્રકરણના ૨૪માં વચનામૃતમાં કહે છે : ''પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે. તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે.'' જ્યારે મોક્ષનો ખરો ખપ જાગે ત્યારે પોતાના સ્વભાવ ટળાવવા પ.પૂ. મહારાજશ્રી કે વડિલ સંતો-ભક્તો કંઈક કડક વચનોથી કહે તો તેને ક્યારેય ખોટું નહિ લાગે. એમમનાશે કે આ મારા કલ્યાણના માટે છે. આમ, આવો જ્યારે મોક્ષનો ખરો ખપ જાગશે ત્યારે જીવાત્માનું ભગવાન શ્રીહરિ ચોક્કસપણે કલ્યાણ કરશે.

(ઉદ્‌ઘાટન સમારોહ - સરધાર, ૨૦૦૭)

## ૧૯ કોણ જ્ઞાની ને કોણ અજ્ઞાની ?





જ્ઞાની અને અજ્ઞાનીમાં તફાવત કેટલો છે ? તમે જાણો છો ? કોઈ કહેશો કે બુદ્ધિમાં ફેર છે. ના, કોઈ કહેશો કે વિદ્યામાં ફેર છે. ના, પરંતુ જ્ઞાની અજ્ઞાનીમાં એટલો જ ફરક છે કે અજ્ઞાની

વાસ્તવિકતાને સત્ય માને છે જ્યારે જ્ઞાની સત્યનેજ વાસ્તવિક કહે છે. આ શબ્દોની રમતને સમજવી થોડી ગહન છે. અંગ્રેજીમાં કહેવત છે **'God is Now Here'** - 'ગોડ ઈઝ નાવ હીયર' આ વાક્યને બે રીતે વાંચી શકાય છે. એક તો 'ગોડ ઈઝ નો વેર' એટલે 'પરમાત્મા ક્યાંય છે જ નહિ' એ જ વાક્યને બીજી રીતે જો વાંચવામાં આવે તો 'ગોડ ઈઝ નાવ હીયર' એટલે 'પરમાત્મા અહિં સાથે જ છે.' આ તો સમજવા માટે દૃષ્ટાંત છે. જે પહેલા વાક્યનો અર્થ કર્યો તે અજ્ઞાની કહેવાય અને બીજા વાક્યનો અર્થ કર્યો તે જ્ઞાની કહેવાય.

પરમાત્મા સર્વત્ર છે, હરહંમેશ હાજર જ છે, તે વાતને સ્વીકારી તેથી તે જ્ઞાની છે. તે વાતનો જેણે અસ્વીકાર કર્યો તે અજ્ઞાની છે. દા.ત. અજ્ઞાની વિષય સંબંધી સુખ સીધું જ અનુભવી શકે છે, માટે તેની વાસ્તવિકતાને જ સત્ય કહે છે. જ્યારે જ્ઞાની પરમતત્ત્વ એવા પરમાત્મા તે પરમસત્ય છે અને તેને જ વાસ્તવિકતા ભરેલી વાત માને છે. વ્હાલા ભક્તો ! અજ્ઞાની વ્યક્તિના ઠેરાવને કે નિર્ણયને સમય અને સંજોગ બદલાવી શકે છે કારણ કે તે વર્તમાન કાળમાં દેખાતી વાસ્તવિકતા સુધી જ પહોંચી શકે છે. પરંતુ સત્યતા સુધી પહોંચી નથી શક્તો. જ્યારે જ્ઞાનીને સમય અને સંજોગ કદી પણ સત્યતામાંથી ડગાવી શક્તા નથી. કારણ કે તેની વૃત્તિ સત્યતા સુધી પહોંચેલી હોય છે અને સત્યતાનેજ વાસ્તવિક સમજે છે.

આ સમગ્ર વાત કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે સાર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વિ ઉપર પધારી, મનુષ્યલીલા કરીને ઉપરોક્ત ખોટી ભ્રમણામાં ભટકતા અનંત જીવાત્માઓને સાચી વાસ્તવિકતાના દર્શન કરાવ્યા છે. શ્રીજીમહારાજના સમકાલીનમાં હજુ



સંપ્રદાયના શ્રીગણેશ જ થયા હતા. છતાં તે સમયની જરૂરીઆત કરતા પણ વિશાળ મંદિરોની રચના કરીને તેમાં તેવી જ ભવ્ય મૂર્તિઓ પધરાવી. જેના વર્તન વાતો કરે, જેની ક્રિયાથી ઘણા સત્સંગી થાય તેવા સંતો બનાવ્યા. અમારી સમજણ પ્રમાણે, અમારા અનુભવ સાથેના જ્ઞાન પ્રમાણે સમગ્ર વિશ્વમાં શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન વગેરે પંચવર્તમાન યુક્ત આચરણવાળા સંતો ક્યાંય જોવા નહિ મળે, વિશ્વના કોઈ સંપ્રદાયમાં નહિ મળે. આ કોઈની ટીકા નથી, પરંતુ સત્ય હકીકત છે. કોઈ સંપ્રદાયમાં માત્ર તપ કે ધર્મનું પ્રધાનપણું છે તો કોઈમાં સંપ્રદાયમાં જ્ઞાન કે ભક્તિનું પ્રધાનપણું જોવા મળે છે. બીજા બધાનું તો કેવું છે તો ઘણી વખત સંતો કથા-વાર્તાના પ્રસંગો કહેતા હોય છે :

'બઝરનાં બે વાડા કરી, ધુણી રાખી ધખતી;<br>આવ્યા ગયા ને ચલમપાઈએ, એવી અમારી ભક્તિ.'

એવું છે.

ભગવાન શ્રીહરિએ આપણા સંતોમાં કોઈ વાતની કાંઈપણ ખોટ-ખામી ન રહે તે માટે અનેક પ્રકરણો ફેરવી સંતોને ઘડ્યા છે. એવી જ રીતે હરિભક્તોને પણ આકરી પરીક્ષામાંથી પસાર કરીને એમને ઘડ્યા છે. જીવનમાં પરિવર્તન લાવવું તે કંઈ સામાન્ય વાત નથી. સંપ્રદાયના છએ છ અંગોમાં મહારાજની પૂર્ણ કૃપા દેખાય આવે છે.

એક સામાન્ય સિદ્ધાંત છે કે કર્મનું ફળ કર્મ કર્યા પછી મળે છે. અને શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે : "અમારી શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે આ લોક ને પરલોકમાં સુખી થશે." આનો અર્થ જ્ઞાની માણસ એમસમજે છે કે ભગવાનની આજ્ઞા પ્રમાણે અનુસરીશ તો પહેલા આ લોક ને પછી પરલોકના સુખની ઈચ્છા કરી શકાય. જ્યારે અજ્ઞાની જીવાત્મા તો નરી આંખે જે દેખાય તેને જ સત્ય માને છે. જ્ઞાની પુરુષ સત્ય હોય તેને જ વાસ્તવિક માને છે.

જેમકોઈ નાનો બાળક ઊડતાં પતંગની પાછળ દોડે ને બરાબર માર્ગની વચ્ચે વાહનોની ટ્રાફિકમાં દોડાદોડી કરે ત્યારે બાળકને તે પતંગ દેખાય. અને જો તમો તે સ્થળે ઊભા હો તો તમોને તે બાળકનું મોત દેખાય, તેથી તમો બાળકને રોકવા પ્રયત્ન કરશો. આ જ ફેર જગતના અજ્ઞાની જીવોમાં અને ભગવાનના જ્ઞાની ભક્તમાં છે. બાળકની જેમ વિષયની પાછળ દોડાદોડ જગતના અજ્ઞાની જીવો કરતા હોય છે. આ વાતને ભગવાનના જ્ઞાની ભક્તો દુઃખ સમજે છે.

(ઉદ્‌ઘાટન સમારોહ - સરધાર, ૨૦૦૭)

## ૨૦ વચનામૃત માહાત્મ્ય :

ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જીવાત્માના મોક્ષ માટે આ પૃથ્વી ઉપર પ્રગટ થઈ પરમ એકાંતિક સર્વોપરી એવા આ સદ્ધર્મની સ્થાપના કરી અને ભાગીરથી સમાન સત્શાસ્ત્રોની રચના કરાવી છે. આ તમામશાસ્ત્રોની અંદર 'વચનામૃત' એક એવું શાસ્ત્ર છે કે જેમાં ભગવાન શ્રીહરિ એ સ્વયં બોલ્યા છે, અને નંદસંતોએ તેને કલમબધ્ધ કરેલું છે.

શિક્ષાપત્રી એ સંપ્રદાયનું એક એવું શાસ્ત્ર છે કે શ્રીજીમહારાજે પોતાના સ્વહસ્તે લખેલું છે. શ્રી સત્સંગિજીવન ગ્રંથ એ ભગવાન શ્રીહરિની પ્રેરણાથી રચાયો છે અને મહારાજે વાંચી પ્રમાણિત કરેલ છે. આ તમામ શાસ્ત્રોમાં શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યનો હેતુ અને જીવાત્માના કલ્યાણ સંબંધી અનેક રહસ્યોને ખુલ્લા મુક્યા છે. પરંતુ આપણે જ્યારે 'વચનામૃત' વાંચતા હોઈએ ત્યારે હૃદય ભરાઈ આવે છે. કારણ કે આપણને એ દિવ્ય સભાની ઝાંખી થાય છે. વચનામૃતનું વાંચન થતાં જ્યાં એમઆવે કે 'દાદાખાચરના દરબારમાં લીંબવૃક્ષની નીચે શ્રીજીમહારાજ ઢોલિયો ઢાળીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને મસ્તકે ત્રણ છોગલાવાળી પાઘ ધારણ કરી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.'

આ વર્ણન વાંચતા વાંચતા તો આપણી નજર સમક્ષ શ્રીજીમહારાજનું એ અલૌકિક સ્વરૂપ દશ્યમાન થઈ આવે. મનની વૃત્તિ ગમે ત્યાં ભટકતી હોય તો એ દિવ્ય સ્વરૂપમાં કેન્દ્રીત થઈ જાય. આ રીતે જો ઝાંખી કરીને મનને મહારાજના સ્વરૂપમાં લગાડીને વચનામૃતનું વાંચન-શ્રવણ કરવામાં આવે તો તેને શ્રીજીમહારાજના સમકાલીનની પ્રત્યક્ષ અનુભૂતિ જણાય આવશે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં ઘણી વખત એમ બોલ્યા છે : 'તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા સાવધાન થઈને સાંભળો', 'અમારે અમારા હૃદયનો અભિપ્રાય જણાવવો છે', 'અમારી જે રૂચિ છે તે કહેવી છે, જણાવવી છે.' આ રીતે મહારાજે પોતાના હૃદયના ઉદ્‌ગારો આ વચનામૃત ગ્રંથમાં ઉચ્ચારેલા છે.

તેના સિદ્ધાંતો જેણે શ્રવણ કર્યા છે, જેણે વાંચન કર્યા છે, જેણે ગાયાં છે તેઓ તો હૃદયમાં એટલો વિશ્વાસ જરૂર રાખજો કે તેમના ઉપર શ્રીજીમહારાજનો રાજીપો જરૂર ઉતરેલો છે અને મહારાજ પોતાના હૃદયમાં તે ભક્તોને નિવાસ આપે છે.

આ કળિયુગનો જીવાત્મા જ્યારે ઘણી વખત ખોટા માર્ગ ઉપર વળી જાય છે ત્યારે તેને પાછો વાળવો ઘણો મુશ્કેલ બને છે. જ્યારે આંખ ઉપર સ્વાર્થના અને અહંકારના પાટા બાંધેલ હોય છે ત્યારે તેને સત્ય વાત અને ધર્મ દેખાતો નથી, સમજાતો નથી, જીવાત્મા વિવેક શૂન્ય થાય છે. અને પરિણામે એ અધર્મ અને અસત્યને જ પોતાનું વર્તન બનાવે છે પણ સત્ય અને ધર્મ માર્ગ ઉપર ચાલવાનો આગ્રહ મુકી દે છે. આ કળિયુગ છે, આ યુગનો પ્રભાવ છે અને આવા યુગના પ્રભાવથી જે મુમુક્ષુ જીવાત્મા છે તેને ધર્મમાં રાખવા છે એમ ભગવાન શ્રી સ્વામિનારાયણની નેમછે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં આ વાત બતાવતાં કહે છે : 'અમે જે આ દાખડો કર્યો છે, તે દાખડા પાછળનો હેતુ શું છે ? તો કોઈ જીવાત્માને મોટપ આપવા માટેનો નથી પરંતુ તેમને મોટું પદ આપવા માટેનો છે. એ મોટું પદ કયું ? માયિક મોટપનું કે સામાજીક મોટપનું ? ના, આ ભવસાગરમાંથી મુક્ત થઈ જીવાત્માને પોતાના અક્ષરધામરૂપી મોટું પદ આપવાનો હેતુ ભગવાન શ્રીહરિનો રહેલો છે.


ભગવાન શ્રી સ્વામિનારાયણ મધ્ય પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહે છે : 'સંપ્રદાયની પુષ્ટિ તો એમથાય છે જે, જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેના જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.' તે ન્યાયે આ વચનામૃતનું જે વાંચન કરે, પાઠ કરે તેને આ ભવસાગરમાંથી તરવાનું સુગમ બની રહેશે.

(વચનામૃત શતામૃત મહોત્સવ - બગસરા, ૨૦૦૪)

## ૨૧ ભગવાન રાજી કેમ થાય ?

ભગવાનને રાજી કરવામાં રૂપિયાની જરૂર નથી. ભગવાન બહારના દેખાવથી રાજી થતાં નથી, પ્રદર્શનોથી રાજી થતાં નથી. ભગવાન પાંખડ કે આડંબરથી રાજી થતાં નથી. પરંતુ જેને ભગવાન રાજી કરવા હોય તે માટે મહાભારતનો એક પ્રસંગ છે :

એક વખત સત્યભામાજીનો ત્યાં નારદજી આવ્યા. તેમને નારદજીએ કહ્યું : 'તમોનો આ જન્મમાં વ્હાલામાં



વ્હાલું હોય ને તેનું જો દાન કરો તો બીજા જન્મમાં તેની પ્રાપ્તિ થાય.' સત્યભામાને મનમાં થયું 'મને તો શ્રીકૃષ્ણ અતિ વ્હાલા છે તે મારે સિદ્ધ કરવું છે' તેથી હાથમાં પાણી લઈ નારદજીને શ્રીકૃષ્ણનું કૃષ્ણાર્પણ કર્યું. નારદજી તો શ્રીકૃષ્ણ ભગવાનને ખભે બેસારીને ચાલતા થયાં.

બધાને થયું કે જો શ્રીકૃષ્ણ ચાલ્યા જશે તો આપણે સૌ કોઈ સુના થઈ જશું. તેથી નારદજીને વિનંતિ કરતા કહ્યું : 'હે ઋષિવર્ય ! તમો શ્રીકૃષ્ણ પરમાત્માને રહેવા દ્યો. એમના વગર અમો બધા પાંગળા થઈ જશું.'

ત્યારે નારદજી કહે : 'એકવાર આપી દિધેલું દાન પાછું લેવાય નહીં.'

ત્યારે સૌએ કહ્યું : ' અમો તમોને બીજું આપીએ. રાજમહેલ આપીએ, સુવર્ણ આપીએ, આપ માંગો તે આપીએ.'

તે વખતે નારદજીએ ભગવાનની ઈચ્છાથી એવી માંગણી કરી કે જેટલું શ્રીકૃષ્ણનું વજન છે તેટલા વજનમાં મને જો સુવર્ણનું દાન આપો તો શ્રીકૃષ્ણ પરમાત્માને રહેવા દઉં.

પછી ત્રાજવાના એક પલ્લામાં શ્રીકૃષ્ણ ભગવાનને બેસાર્યા બીજા પલ્લામાં સુવર્ણાદિક નાખવાંનું ચાલું કર્યું, પરંતુ એ ત્રિલોકીના ધણી કોઈના સુવર્ણથી તોળાય ? આખા મહેલની જેટલી સામગ્રી હતી તેટલું બધું જ સુવર્ણ દાગીના એમાં મુક્યા, પણ ભગવાન શ્રીકૃષ્ણ તોળાણા નહીં.

ત્યારે નારદજીએ કહ્યું : 'હું તો હવે શ્રીકૃષ્ણને લઈને જ જઈશ.' આવી જ્યારે નારદજીએ હઠ કરી ત્યારે બધા રૂક્ષ્મણી પાસે; બધી વિગત કહી સંભળાવી. આ મુંઝવણ વિકલ્પ શોધતા રૂક્ષ્મણી કહે : 'ત્રાજવાના પલ્લામાં એક તુલસીપત્ર જો મુકવામાં આવે તો જ ભગવાન તોળાશે.' પછી



તુલસીપત્ર લઈને ત્રાજવામાં મુક્યું ત્યારે શ્રીકૃષ્ણ ત્રાજવે તોળાણાં છે...!!

કહેવાનો ભાવાર્થ એ છે કે જ્યાં ભગવાન પ્રેમથી બંધાય છે, જ્યાં ભગવાન તુલસીપત્રથી બંધાય છે ત્યાં એ સુવર્ણથી બંધાતા નથી. આપણા હૃદયને તુલસીપત્રના જેવું નિર્મળ અને પવિત્ર કરવાની જરૂર છે, આપણા હૃદયને અહંકારાદિક અંતઃશત્રુથી મુક્ત કરવાની જરૂર છે. ભગવાનને પામવા-મેળવવા-અક્ષરધામની પ્રાપ્તિ કરવા તેના માટે સાચા શરણાગત થવાની જરૂર છે. ભગવાન કાંઈ દાદાગીરીથી મળતા નથી, ભગવાન બળાત્કારથી કે કોઈ જોર કરવાથી મળતા નથી. કોઈ કહે કે હું ભગવાનને ઉપાડીને ઘરે લઈ જઉં, તો મૂર્તિ આવે પણ ભગવાન આવતા નથી. પરંતુ જો ભક્તિ-ભાવથી, સાચા હૃદયથી, સદ્‌બુદ્ધિથી, શુદ્ધ વર્તનથી ભગવાનને બોલાવીએ તો ભગવાન સામે ચાલીને આવે છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

(વચનામૃત શતામૃત મહોત્સવ - બગસરા, ૨૦૦૪)

## ૨૨ ભગવાનની ભક્તિની સાથે આપણું લક્ષ્ય :

રામાયણમાં ગોસ્વામી તુલસીદાસજી લખે છે :

'ખલ કામાદિ નિકટ નહિ જાઈ,
બસહિ ભક્તિ જ્યાકિ ઉર માંહિ.'

આ સંસારમાં જે જીવાત્માના હૃદયમાં ધર્મ અને ભક્તિનું સ્થાન છે, ધર્મનું આચરણ છે, નિઃસ્વાર્થ ભક્તિ છે એવો જે જીવાત્મા તેને આ કળિયુગનો પ્રભાવ અડતો નથી. આપણને સૌને કળિયુગના પ્રભાવથી રક્ષણ જોઈએ છીએ, મોક્ષ મેળવવો છે તેના માટેનો ઉપાય કોઈપણ સંપ્રદાયનો એક જ સિદ્ધાંત છે કે ભગવાનની જે ભક્તિ તે જ મોક્ષનું પરમસાધન છે.

અને તે ભક્તિ કેવી રાખવી તો શ્રીજીમહારાજ અંત્ય પ્રકરણના ૧૯મા વચનામૃતમાં કહે છે : '...અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે  જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે; અને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને. એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિષે પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિષે હેત થાય જ નહિ, જેમ હનુમાનજી શ્રીરઘુનાથજીના ભક્ત છે. તે રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર

થયા છે પણ હનુમાનજીને વિષે જ પતિવ્રતાની જેવી ભક્તિ રહી છે. તે માટે હનુમાનજીની ભક્તિ પતિવ્રતાના જેવી છે. એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી.

આ શ્રીજીમહારાજના વચનામૃતના શબ્દોને આપણા જીવન યથાર્થપણે ઉતારવામાં આવે તો હૃદયકમળમાં-જીવનમાં ભગવાનની પ્રેમલક્ષણા યુક્ત ભક્તિની વૃદ્ધિ થાય, ભગવાનના સ્વરૂપની દૃઢતા થાય, આપણી શ્રદ્ધા-લાગણીઓ વધારે ને વધારે દૃઢ થાય, આપણું મન વધુને વધુ ભગવાનના સ્વરૂપમાં જોડાય છે. અને આપણે તો જ જીવનને સફળ કરી શકીશું. જીવનનું એક લક્ષ્ય હોવું જોઈએ કે શ્રીહરિકૃષ્ણ મહારાજ એજ આપણા ઈષ્ટદેવ છે, પરમપિતા છે, કલ્યાણના કરતલ છે, એના ચરણારવિંદ આપણો મોક્ષ આપનાર છે. માટે બીજા સર્વ માયિક સુખનો, સર્વ માન-ભોગ-રાગનો ત્યાગ કરી શ્રીજીમહારાજના દાસાનુદાસ બનીને રહેવું. 'મારે ભગવાનને જ રાજી કરવા છે' એવો ભાવ દૃઢ હશે અને તેમાં કાર્યરત બનીશું તો મહારાજ જરૂર પરમપદની પ્રાપ્તિ કરાવશે.

(વચનામૃત શતામૃત મહોત્સવ - બગસરા, ૨૦૦૪)

## ૨૩ ઉત્સવો શા માટે ?

શ્રીજીમહારાજ જ્યારે પંચભૌતિક દેહમાં આ પૃથ્વી ઉપર વિરાજમાન હતા ત્યારે મહારાજે અન્નકૂટોત્સવ, શાકોત્સવ, રાસોત્સવ, રંગોત્સવ, યજ્ઞો વગેરે ઘણા ઘણા ઉત્સવો કર્યા છે. પરંતુ શ્રીજીમહારાજે સ્વમુખે ગઢડા પ્રકરણના ૩૪ા વચનામૃતમાં વર્ણન કરતાં કહે છે : "...અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય."વળી તેઓ ઉત્સવ-સમૈયાની સ્મૃતિ અંતરમાં કેવી રીતે કરવી, તેની રીત ગઢડા મધ્ય પ્રકરણના ૩૫મા વચનામૃતમાં કહે છે : "...અને તમે આ સર્વે છો તે મને ભગવાન જાણો છો. ને અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કહી હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય, તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે."

આ દિવ્ય ઉત્સવોમાં જેમસોનામાં સુગંધ ભળે તેમકથા-વાર્તા-સત્સંગનું આયોજન કરવામાં આવે તે જીવાત્મા માટે મોટા સદ્‌ભાગ્યનની વાત કહેવાય છે. પરમાત્માની ભક્તિ જીવાત્મા માટે કઠણ અને દુર્લભ છે, આ સંસારમાં રહેલો જીવ તો સાંસારિક અને માયાવી જીવ કહેવાય છે. પરંતુ જ્યારે માયાના બંધનને તોડી જીવાત્મા શુદ્ધ થાય, માયાથી મુક્ત થઈને અક્ષરધામનો મુક્ત બને તે માટે ઉત્સવ-સમૈયાના આયોજન કરવામાં આવે છે.

(વાર્ષિક પાટોત્સવ -જામવંથલી - ૨૦૦૬)

## ૨૪ ઉત્સવો શા માટે ?

શાસ્ત્રોમાં એજ હેતુ રહેલો છે કે જીવને માયાના મોહપાશથી મુક્ત કરી પરમાત્મા સુધી પહોંચાડવો, પણ આનંદ-વિલાસ કરાવવાનો નથી. અનંત જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે ભગવાનની પ્રાપ્તિ થાય છે. આપણને જે ઓળખાણ છે તેમાં અનંત જન્મનું ફળ છે. તેથી પ્રારબ્ધયોગથી આ મળ્યું છે, ક્રિયામણ યોગથી નહીં. પરંતુ જો જીવાત્મા આ વસ્તુને ન જાળવે તો 'જેમચિંતામણી જેવો આપણને પથ્થર મળ્યો હોય ને પછી તેને કાગડા ઊડાવવામાં વેડફી નાખીએ ને પછી તે ચિંતામણીની તાકાતની આપણને ખબર પડે ત્યારે મનમાં પસ્તાવા સિવાય કશું રહેતું નથી. કારણ કે આપણા હાથમાં હતું ત્યાં સુધી આપણે તેનો મહિમા સમજ્યા નહીં.' તેમઆ મનુષ્ય દેહ મળ્યો છે, ભગવાન ઓળખાણા છે, આ પ્રાપ્તિ થઈ છે ને વળી સહેજે જ સર્વે પ્રાપ્ત થયું છે. માટે આપણને જો મહિમા ન સમજાય તો મહિમા વગર આપણને ભગવાનની ભક્તિનો રંગ ચડતો નથી. જ્યાં સુધી પરમાત્માની ભક્તિનો રંગ ન ચડે ત્યાં સુધી આપણો જીવ માયામાંથી કે સંસારમાંથી મુક્ત ન થાય ને અક્ષરધામ સુધી પહોંચે નહીં.

માટે જો માયાના આવરણોનો તોડવા છે; આ જે ભગવાનનો



પામવા છે, આ ભગવાનના બનીને રહેવું છે તે નિષ્ઠાને જો સમજવી હશે તો શાસ્ત્રોના અધ્યયનની જરૂર પડશે. કારણ કે પરમાત્માના ગુણો, ચરિત્રોનું વર્ણન સર્વે સત્ય છે, સનાતન છે તેવી જ્યાં સુધી પ્રતીતિ ન થાય ત્યાં સુધી આપણે ગમે તેટલી મહેનત કરીશું તો પણ તેનું ફળ નહિ મળે. તેથી તો ઉત્સવ-સમૈયામાં શાસ્ત્રોનું શ્રવણ કરાવવામાં આવે છે.

પરમાત્માને જીવની જેમ જતન કરીને જાળવવાના છે. કારણ કે માયા તો આપણને ધર્મમાર્ગમાંથી પાડવાના પ્રયત્નો કરવાની છે. ઘણી વખત જીવાત્માની કસોટી ભગવાન પણ કરે ને જો આપણી દઢતામાં ખામી હોય તો ભગવાન પણ આપણને છોડી દે છે.

(વાર્ષિક પાટોત્સવ -જામવંથલી - ૨૦૦૬)

## ૨૫ ભગવાનની કૃપાથી શું ન થાય ?

એક વખત વડતાલમાં શ્રીજીમહારાજ સભા ભરીને બેઠા હતાં. તે સભામાં જોબની પગી પણ બેઠા હતા. જેનું નિશાન ફગે નહિ, પરંતુ જ્યારે વડતાલ ગોમતી કિનારે મહારાજે પરીક્ષા લીધી ત્યારે કેરીની લુમને જોબનપગી ત્રણ-ચાર વખત બાણ મારે ને નિશાન પડે નહિ. પછી શ્રીજીમહારાજ કહે : 'આંબા શેઠ ! જુઓ, તમે જોબનપગીનું તીરકામઠું હાથમાં લઈ કેરીનું નિશાન પાડો.' ત્યારે આંબા શેઠે કહ્યું : 'મહારાજ ! અમે વાણિયા, ત્રાજવું તોળી જાણીએ, જેણે કોઈ દી તીરકામઠું હાથમાં લીધું જ નથી તેને ચડાવતાંય ન આવડે તો નિશાન ક્યાંથી પડે ? એટલે મહારાજ કહે : 'અમો કહીએ છીએ, અમારી આજ્ઞા છે.'

પછી આંબા શેઠે તીરકામઠું હાથમાં લીધું. જય ન્યાલકરણના ઘોષની સાથે તીર ફેક્યું કે તે તીરમાં કેરી પરોવાઈ જઈને આઠ-દશ હાથ દૂર પડી. સભા આશ્ચર્ય પામી.

શ્રીજીમહારાજ કહે : 'શાબાશ, આંબા શેઠ ! તમે તો જોબનથીયે વધી ગયા.'

ત્યારે આંબા શેઠ કહે : 'મહારાજ ! એ બધો આપનો પ્રતાપ છે. જિંદગીમાં આજે જ તીરકામઠું હાથમાં લીધું, અને જે નિશાન પડ્યું તે તો આપની ઈચ્છાથી અને કૃપાથી જ પડ્યું. નહિ તો હું એકસો ઘા કરું તોય નિશાન ન પડે.'

આ પ્રસંગથી સમજવાનું એ છે કે ભગવાનની કૃપા થાય તો આંધળો પણ દેખતો થાય.

'मूकं करोति वाचालं पङ्गुं लंधयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥'

એ બધું ભગવાનની કૃપાથી જ થાય છે. જેટલો વધારે મહિમા સમજશું તેટલો જ ભગવાનની ભક્તિ કરવાનો રંગ વધુ લાગશે.

(વાર્ષિક પાટોત્સવ -જામવંથલી - ૨૦૦૬)

## ૨૬ આપ તો સર્વોપરી ભગવાન છો :

ગઢપુરમાં એક વખત સંતોએ શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાથી બહુજ પ્રાર્થના સ્તુતિ કરી. ત્યારે મહારાજ કહે : 'હે સંતો ! અમોએ આ માનુષિક દેહમાં ક્યારેય રાવણ-કંસાદિકને માર્યા નથી, સેતુ પણ બાંધ્યો નથી, ગોવર્ધન તોળ્યો નથી; છતાં તમો કેમઅમારી એવી પ્રાર્થના કરો છો ?'

ત્યારે સંતોએ કહ્યું : 'હે મહારાજ ! આપે ભલે એ કાર્યો કર્યા નથી, અસુરોનો નાશ કર્યો નથી. પરંતુ રાવણ જેવા કુકર્મી મનુષ્યોમાંથી આપે આસુરી વૃત્તિનો નાશ કર્યો છે. કાંઈ રાવણ કે કંસનો નાશ કરવાથી આસુરી વૃત્તિનો નાશ થતો નથી. પણ આપે તો આસુરી વૃત્તિનો જ વિનાશ કર્યો છે. તેથી આપ તો સર્વોપરી ભગવાન છો, તે માટે અમો આવી પ્રાર્થના કરીએ છીએ.

વ્હાલા ભક્તજનો ! આપણને પણ એવા સર્વોપરી ભગવાન મળ્યા છે. તે છૂટી ન જાય તેનું ખાસ ધ્યાન રાખજો.

(વાર્ષિક પાટોત્સવ -જામવંથલી - ૨૦૦૬)

## ૨૭ સાચુ સુખ ક્યાં છે ?

સંસારમાં દરેક વ્યક્તિ પોતાની સમજણ પ્રમાણે સુખની વ્યાખ્યા કરે છે, પરંતુ શાસ્ત્રોની દૃષ્ટિએ તો સુખ કોને કહેવાય ? તો પરમાત્માનું સાંનિધ્ય જીવાત્માને પરમસુખ-શાંતિ આપનારું છે. જે ક્ષણીક છે, જે નાશવંત છે તેમાં જો જીવાત્મા સુખ માનીને આગળ ચાલે તો તે સુખની અંદર જરૂર વિઘ્ન આવે છે. કારણ કે તે સુખ ક્ષણિક છે.

શાસ્ત્રકારો કહે છે કે મનુષ્યનું જીવન કેવું છે ? તો જેમ પાણીમાં પરપોટો થાય છે તેનું અસ્તિત્વ કેટલું છે ? તો તે ક્ષણમાત્ર છે, તે ગમે ત્યારે ફૂટી જાય છે તેમ મનુષ્ય દેહ આપણને મળ્યો છે તેનું આયુષ્ય કેટલું છે ? તેનો કોઈ નિર્ધાર નથી. ચોરાશી લાખ યોનીમાં ભટકતો આ જીવ તેને આ મનુષ્ય શરીરમાં જેટલી આયુષ્ય મળી છે તેનું માપ કાઢીએ તો આ ચોરાશી લાખ યોનીમાં આ મનુષ્ય શરીરનું આયુષ્ય કેટલું ? આ જીવાત્માની જે અનંત યાત્રા છે તેનો કોઈ અંત દેખાતો નથી, જેમાંથી જીવાત્માને મુક્તિ મેળવવાની છે. અને એમાં પણ જીવ

સાંસારીક સુખોની પાછળ ભટકે છે, પરંતુ એ સુખ-આનંદ તો ક્ષણિક છે તો પણ તેમાંથી તૃપ્તિ થતી નથી. કારણ કે જીવાત્માને તૃપ્તિ ક્યારે થાય ? તો મનમાં સંતોષ અનુભવાય છે ત્યારે. જ્યાં સુધી એ સંતોષ-શાંતિની પ્રાપ્તિ નથી ત્યાં સુધી તૃષ્ણા મટતી નથી.

સાંસારીક જીવ એ સંસારના સુખને સાચુ માને છે. અને ભગવાનનો ભક્ત છે તે તો ભગવાન સંબંધી સુખને જ સાચુ માને છે. શ્રીજીમહારાજ સારંગપુર પ્રકરણના ૭મા વચનામૃતમાં કહે છે : 'જ્યાં ઈન્દ્રિયોરૂપ મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂંઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.' આવું વાતાવરણ કેવી રીતે બને ? તો તપથી, ભક્તિથી, સત્સંગથી નૈમિષારણ્ય તુલ્ય વાતાવરણ બને છે. એવી પવિત્ર ભૂમિમાં જ મનના સર્વે વિકારો નાશ પામે છે ને પરમાત્માની પ્રાપ્તિ થાય છે. અને ત્યાં જ જીવાત્મા સાચા સુખીયા બને છે.

શ્રીજીમહારાજ ગઢડા પ્રથમપ્રકરણના ૬૮મા વચનામૃત માં બતાવે છે : 'ભગવાનની મૂર્તિને ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણવી નહિ, કારણ કે તેમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.' આ વચનમાં જો આપણે વિશ્વાસ લાવીએ તો મૂર્તિમાંથી જ આપણને અક્ષરધામનું સુખ મળે એ વાત નિર્વિવાદ છે.

## ૨૮ ભગવાન પ્રાર્થના સાંભળે છે :

આપણને કોઈ તુટેલી કે ખરાબ વસ્તુ ભેટ આપે તો તે ગમતું નથી. કારણ કે એ આપણી રૂચિ બહારની વસ્તુ છે. તેમભગવાનને પણ જ્યાં તેના પવિત્ર ભક્તો છે, જ્યાં નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિર્માની વગેરે પંચવર્તમાન યુક્ત સંતો છે તે જ અમોને પ્રિય છે. શ્રીજીમહારાજની અવિરત આજ્ઞા જે પાળે તે જ મહારાજને અતિ પ્રિય છે. તેથી જ આપણે જે કંઈ મહેનત કરીએ છીએ તે ભગવાન શ્રીહરિને વ્હાલા થવા માટે કરીએ છીએ. નહિ કે કોઈને દેખાડવા કે માન-મોટપ માટે. આપણી મહેનત, આપણો દાખડો તો નિઃસ્વાર્થ છે.

એક ફકીર હતા. તેમણે તેના સંપૂર્ણ જીવન દરમ્યાન ભગવાનની બંદગી (પ્રાર્થના)ઓ કરી હતી. અંતે ભગવાને પ્રગટ થઈ કહ્યું : ' ઓ ફકીર ! મેં તમારી એક પણ પ્રાર્થના સ્વીકારી જ નથી.' આ રીતે ભગવાનના વાક્યને સાંભળી એ અલમસ્ત ફકીર નાચવા જ લાગ્યાં. આજુબાજુના બીજા લોકો જોનારાને તો આશ્ચર્ય થયું ! કોઈને થયું કે ગાંડો થઈ ગયો કે શું ? કોઈએ પૂછ્યું : 'અરે, ફકીર ! ભગવાને તમારી પ્રાર્થનાનો અસ્વીકાર કર્યો છે, છતાં પણ તમો આટલા રાજી કેમથયા છો ?' ત્યારે ફકીરે કહ્યું : 'ભગવાને મારી પ્રાર્થનાનો ભલે સ્વીકાર ન કર્યો. પરંતુ સાંભળી તો ખરી... સાંભળ્યા પછી જ અસ્વીકારની વાત આવે.'

દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે ઘણાની પ્રાર્થના ભગવાન સુધી પહોંચતી જ નથી. માટે આપણે એમસમજવાનું છે કે જેમભગવાન રાખે તેમઆપણે રહેવાનું છે. ભગવાનના બળથી બળિયા થવાનું છે.

આજે અનેક કાર્યમાં વ્યસ્થ હોવા છતાં તમારી વચ્ચે આવવાનું થયું એ જ એક ચમત્કાર છે. ચમત્કારને કાંઈ શીંગડાં-પૂછડાં હોતા નથી. ભગવાન તો આપણી 'તનકી જાને મનકી જાને, જાને ચિત્તકી ચોરી' એમશ્રીજીમહારાજ આપણું બધું જ જાણે છે. શું આપવું, શું ન આપવું એ એમની સ્વતંત્રતા છે. આપણે ભગવાન ઉપર બળજબરી ન કરી શકીએ કે 'અમારો મોક્ષ કરવો જ પડશે, અમને સુખ આપવું જ પડશે, અમને સારા સુસંસ્કારી છોકરા આપવા જ પડશે, અમને ધન-સંપત્તિ આપવી જ પડશે, અમારુ આ કાર્ય કરવું જ પડશે' એવી કોઈ હઠાગ્રહ ન કરાય. મહારાજ આપણી પ્રાર્થના સાંભળે એ જ ઘણું છે, આપણી પ્રાર્થના સ્વીકારવી કે ન સ્વીકારવી એ એમની મરજીની વાત છે. તેઓ તો આપણા માલિક, ધણી છે, આપણા ઈષ્ટદેવ છે. માટે એમની મરજી એ જ આપણું જીવન હોવું જોઈએ. ભગવાન જેમાં રાજી હોય તેમાં જ આપણે રાજી રહેવું એ જ એકાંતિક ભક્તનું ઉત્તમલક્ષણ છે.

(વાર્ષિક પાટોત્સવ -જામવંથલી - ૨૦૦૬)

સંપાદક : સ્વામી આનંદસ્વરૂપદાસજી
સાધુ અમૃતસ્વરૂપદાસજી
પાર્ષદ રાજુ ભગત



# આવતા મહિનાના બે ગ્રહણોની વિગત

- લેખક : સાધુ જ્ઞાનવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

ગ્રહણ : આપણા ઋષિમુનિઓની દૃષ્ટિએ...

દેવ-દાનવ યુદ્ધ પુરાણોમાં મહત્ત્વપૂર્ણ વર્ણ્ય વિષય છે. આવા જ એક મહાયુદ્ધ સાથે ગ્રહણની કથા સંકળાયેલી છે. દેવો-દાનવો એકબીજાના પ્રાણ હરી લેવા આતુર હતા એવા મહાયુદ્ધમાં સમુદ્રમંથનનો પ્રસંગ ઉપસ્થિત થયો. મંદરાચલ પર્વતને રવૈયો બનાવી વાસુકિ નાગના નેતરાં રચી તેના મુખ તરફ દાનવો અને પૂંછડી તરફ દેવોએ રહીને નેતરાં તાણવાં શરૂ કર્યાં. આ મંથનના પરિણામે ચૌદ રત્નો નીકળ્યા, જેમાં સમુદ્રમાંથી છેલ્લે નીકળ્યો 'અમૃતકુંભ !'

આ અમૃતકુંભ પામીને દાનવો પણ અમૃતત્વ ઝંખતા હતા, પરંતુ મોહિની સ્વરૂપે પધારી ભગવાને તેમને મોહવશ કરી મૂક્યા. અમૃતકળશ હાથમાં રાખી ભગવાને દેવોને અમૃત આપવાનું શરૂ કર્યું, રાહુ નામે એક દાનવ સૂર્ય અને ચંદ્રની વચ્ચે બેસી ગયો. તેણે અમૃત પીધું પણ ગળાની નીચે ઉતરે તે પહેલાં સૂર્ય અને ચંદ્રે ભગવાન વિષ્ણુને કહી દીધું કે આ તો દાનવ છે. ભગવાને સુદર્શન ચક્રથી તેનો શિરચ્છેદ કર્યો.

આ પછી મસ્તકમાંથી 'રાહુ' નામના દાનવનો જન્મ થયો. જે શિરવિહીન અવસ્થામાં ઘૂમવા લાગ્યો. રાહુ તેનું ધડ કેતું બંનેને સૂર્ય અને ચંદ્ર સાથે દ્વેષ વધતો જ ગયો. અને તે બંને આજે પણ વખતો-વખત સૂર્ય અને ચંદ્રને ગ્રસતા રહે છે. આ ઘટનાને **'સૂર્યગ્રહણ'** કે **'ચંદ્રગ્રહણ'** કહેવામાં આવે છે.

આ પૌરાણિક પ્રસંગ ઊજવવાનું શ્રેષ્ઠ સ્થળ 'ગ્રહણે તુ કાશી !' કહીને પવિત્ર તીર્થસ્થાનમાં જ વિશેષપણે નિરૂપવામાં આવ્યું છે. આ દિવસ પણ વ્રતની જેમ ઊજવવાનું હિન્દુ પ્રણાલીમાં કહેવામાં આવ્યું છે. અગાઉ કહેવામાં આવ્યું છે તેમગ્રહણનો સ્પર્શ થાય તે પછીથી તે **'ગ્રહણ'** મુક્ત ન થાય ત્યાં સુધી અન્નજળ પૂર્ણપણે વર્જ્ય ગણાયું છે.

સૂર્ય કે ચંદ્ર પર થતી પ્રાકૃતિક અસરોથી વિશિષ્ટ પ્રકારના હાનિકારક કિરણોનો ઉત્સર્ગ મોટા પ્રમાણમાં થાય છે. આથી જ સીધું જ **આંખ દ્વારા ગ્રહણ જોવું પણ નુકસાનકારક** સિદ્ધ થાય છે. ખાસ પ્રકારના ગોગલ્સ ચશ્મા વગેરેનો ઉપયોગ અવકાશ-વિજ્ઞાનના વિજ્ઞાનીઓ દ્વારા અનિવાર્યપણે થતો રહે છે.

આ જ કિરણોની વિપરીત અસર તાજાં રાંધેલા કે વાસી અન્ન ઉપર થાય છે. આથી જ ગ્રહણના સ્પર્શ દરમ્યાન કાંઈ પણ ખાવાની કે પીવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ દિવસે લોકો માટલા વગેરે પણ ખાલી કરી દે છે. અનાજ વગેરે ઉપર 'દર્ભ'ની સળી મૂકે છે.

આ પ્રકારના ઘાસ અંગેની પુરાણકથા કહે છે કે યજ્ઞમૂર્તિ વરાહ ભગવાને શરીર ધુણાવતાં જે રુંવાડા ખર્યાં તે દર્ભ અને કાસ નામે લીલા રંગના ઘાસ રૂપે ઊગ્યા. આથી તે પવિત્ર ગણાય છે અને ગ્રહણ વખતે ખાદ્ય પદાર્થો અભડાય નહીં તેવી માન્યતાને લીધે દરેક વસ્તુમાં દર્ભની સળી મૂકવામાં આવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગ્રહણના પર્વને ઉત્સવનું રૂપ આપી એટલા કલાકો દરમ્યાન સંતો-ભક્તોની સાથે મળી ભજન-ભક્તિ અને કથાવાર્તા આદિથી ગ્રહણ મુક્તિ સાથે ગ્રહણાન્તે સ્નાન-દાન-પૂજાદિથી અધ્યાત્મ-વિકાસનો સમન્વય સાધવાની તક આપેલી છે.

ગ્રહણ-મુક્તિ પછી ગૃહસ્થ સ્ત્રી-પુરુષો વગેરેને દાન કરવા માટે અને ત્યાગીઓને સ્નાન-પૂજા કરવા માટે આજ્ઞા આપવામાં આવી છે.

આથી જ શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે :

'रवेरिन्दोश्चोपरागे जायमानेऽपरा:क्रिया: ।
हित्वाशु शुचिभि: सर्वै: कार्य: कृष्णमनोर्जप: ॥
जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहीजनै: शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वर: ॥' (શિક્ષાપત્રી : શ્લોક - ૮૬/૮૭)

**અર્થ :** 'સૂર્ય અને ચંદ્રના ગ્રહણ સમયે અમારા સર્વે સત્સંગીઓએ સર્વ ક્રિયાનો તત્કાળ ત્યાગ કરી પવિત્ર થઈ ભગવાનના મંત્રનો જપ કરવો, અને ગ્રહણ મુક્ત થયા પછી સવસ્ત્ર સ્નાન કરી ગૃહસ્થોએ દાન કરવું અને ત્યાગીઓએ ભગવાનની પૂજા કરવી.'

આ પ્રમાણે ભગવાનના અનન્ય ભક્ત સત્સંગીઓ તથા સંતો ગ્રહણ પર્વને એક ઉત્સવની માફક ઊજવે છે. સ્નાન બાદ પૂજા સમયે સંતો નવી યજ્ઞોપવીત ધારણ કરે છે. જો સમુદ્રસ્નાન, નદી સ્નાન કે સરોવર સ્નાનની અનુકૂળતા હોય તો તે શ્રેષ્ઠ સ્નાન ગણાય છે.

વ્હાલા ભક્તજનો ! અંતમાં આપણે પણ આ ગ્રહણ પર્વની સમૂલ વિગતિથી વાકેફ થઈને ટૂંક સમયમાં આગામી બંને ગ્રહણની માહિતીને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દ્વારા પ્રસિદ્ધ કરાયેલા શાસ્ત્રસંમત 'નિર્ણય' દ્વારા જાણીને તે નિમિત્તે આપણા ઘર, પદાર્થ તથા દેહાદિકની શુદ્ધિ જાળવીને તથા ગ્રહણકાળે જપ અને ગ્રહણાંતે દાન-પૂજાદિનો શુભ સંકલ્પ કરીને ગ્રહણને એક પર્વ-ઉત્સવની માફક ઊજવીને કૃતાર્થ બનીએ...

આવતાં મહિનામાં બે ગ્રહણો આવે છે, જેની વિગત નીચે પ્રમાણે છે.

**૧.** સં. ૨૦૬૩ ફાગણ સુદ - ૧૫ શનિવાર તા. ૦૩-૩-૦૭ ખગ્રાસ ચંદ્રગ્રહણ તે પાળવાનું છે.

**વેધ** : તા. ૦૩-૩-૦૭ શનિવાર સાંજના : ૬.૦૦ કલાક પછીથી જમવું નહિ.

**ગ્રહણ સ્પર્શ** : પાછલી રાત્રે ૩.૦૦ કલાકે.

**ગ્રહણ મધ્ય** : પાછલી રાત્રે ૪.૫૦ કલાકે

**ગ્રહણ મોક્ષ** : સવારે ૬.૪૫ કલાકે. ત્યારબાદ સ્નાન-પૂજા-દાન તથા જમવું.

**૨.** સં. ૨૦૬૩ ફાગણ વદ - ૩૦ સોમવાર તા. ૧૯-૩-૦૭ ગ્રસ્તોદય ખંડગ્રાસ સૂર્યગ્રહણ તે પાળવાનું છે.

**વેધ** : તા. ૧૮-૩-૦૭, રવિવારના સાંજના ૬.૧૫ કલાક પછીથી જમવું નહિ.

**ગ્રહણ સ્પર્શ** : તા. ૧૯-૩-૦૭, સોમવાર સવારે ૬.૧૫ કલાકે

**ગ્રહણ મધ્ય** : સવારે ૭.૦૦ કલાકે

**ગ્રહણ મોક્ષ** : સવારે ૮. ૦૦ કલાકે - ત્યારબાદ સ્નાન-પૂજા-દાન તથા જમવું.

**નોંધ :** આ ગ્રહણ વિદેશમાં જ્યાં દેખાય ત્યાં પાળવું. વધારે વિગત તે સમયે જાણી લેવી.


સૂર્યોદય સમે પ્રગટેલા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સૂર્ય સમાન તેજસ્વી અનેકોના તારક

# યોગીરાજ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

લેખક : સાધુ દિવ્યસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

મહા સુદ - ૮ (આઠમ) એટલે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મ દિવસ...

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સૂર્ય સમાન તેજસ્વી તારક સમા યોગીરાજ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મઈડર પ્રાંતમાં પૂર્વ તરફ પંદર કોશ દૂર આવેલા ટોડલા ગામમાં સં. ૧૮૩૭ના મહા સુદ-૮ (આઠમ)ને સોમવારના રોજ પ્રાતઃકાળે સૂર્યોદયની સાથે થયો હતો. પિતાજીનું નામ મોતીરામ શર્મા અને માતાજીનું નામ કુશલાદેવી હતું. બાળપણનું નામ ખુશાલ હતું. આ જન્મ વિગતની નોંધ લેતા સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણીમાં લખે છે :



'અનુપમ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ; ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઉપન્યા ભક્ત અકામ.

યોગી પૂર્વ જન્મના, જેને વહાલા સંગાથે અતિ વહાલ; પ્રભુ સંગાથે પ્રગટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ.'

ખુશાલ ભટ્ટનું બાળપણથી મહા ચમત્કારી જીવન હતું, થોડા જ સમયમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણ શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, મિમાંસા, વેદાંત, તર્કશાસ્ત્ર વગેરે તથા અનેક ધર્મશાસ્ત્રોમાં પારંગત થયા. અને સમગ્ર ઈડર પ્રાંતમાં એક સારા શ્રેષ્ઠ વિદ્વાન તરીકેની ખ્યાતીને પામ્યા. તેથી ઘણા માતા-પિતાઓ પોતાના બાળકને વિદ્યા પ્રાપ્તિ અર્થે ટોડલા ખુશાલ ભટ્ટને ત્યાં મોકલતા.

ખુશાલ ભટ્ટ બાળકોના શિક્ષણની સાથે સાથે ઘણી અંધશ્રદ્ધાઓને દૂર કરી હતી. તેમજ દીનદુઃખીયા લોકોના દુઃખોને દૂર કર્યા હતા. એવી રીતે ઘણા ચમત્કારો જણાવી સમગ્ર સમાજને પોતાના વ્યક્તિત્વથી પ્રભાવિત કર્યું હતું. આવા જન્મથી શાસ્ત્ર નિપુણ અને યોગ સિદ્ધ પુરુષ ખુશાલ ભટ્ટને તેઓની ૨૨૬મી જન્મજયંતી પ્રસંગે યાદ કરી જીવનની એક આશેરી ઝલક અનુભવીએ...

ભગવાન શ્રી સ્વામિનારાયણે ખુશાલ ભટ્ટને સં. ૧૮૬૪ના કારતક વદ-૮ના રોજ ગઢપુર મુકામે દાદાખાચરના દરબારમાં ભાગવતી દીક્ષા આપી અને 'ગોપાળાનંદ સ્વામી' એવું નામ ધારણ કરાવ્યું. ત્યારબાદ આશરે ૨૨ વર્ષ જેટલા સમય પછીનો એક અનેરો પ્રસંગ છે તે જોઈએ. સં. ૧૮૮૬ ફાગણ સુદ - ૫ના રોજ આ પૃથ્વી ઉપર બદ્રિકાશ્રમનું સર્જન કર્યું. જેના ૧૭૭ વર્ષ તા. ૨૧-૨-૦૭ બુધવાર, ફાગણ સુદ - ૫ના રોજ પૂર્ણ થાય છે. આ પ્રસંગના જન્મદિવસના નિમિત્તે વિસ્તારથી જોઈએ....

રાજકોટમાં ભુપેન્દ્ર રોડ પર શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં બોરડીનું (બદ્રિકાશ્રમનું બદરી વૃક્ષ) ઐતિહાસિક વૃક્ષ આવેલું છે. સામાન્ય રીતે તે બોરડીમાં કાંટા હોય જ પરંતુ યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીના ઉપદેશથી આ બોરડી કાંટા વગરની છે. એની પાછળ રસપ્રદ ઈતિહાસ છે.

આજથી ૧૪૨ વર્ષ અગાઉ ભૂપેન્દ્ર રોડ જ્યારે નિર્જન જંગલ જેવો વિસ્તાર હતો ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બ્રિટીશ સામ્રાજ્યના મુંબઈ ઈલાકાના પ્રતિનિધિ ગવર્નર સર જહોન માલ્કમ વચ્ચે સં. ૧૮૮૬ના ફાગણ સુદ-૫ (તા. ૨૬-૨-૧૮૩૦)ના રોજ ઐતિહાસિક મુલાકાત યોજાઈ હતી.

રાજકોટમાં કાઠિયાવાડના એકટીંગ પોલીટીકલ



એજન્ટ મી. બ્લેઈનના કોઠી કમ્પાઉન્ડમાં આવેલા બંગલામાં શ્રીજીમહારાજનું ગવર્નર શ્રી જહોન માલ્કમઅને તેના પસર્નલ સેક્રટરી મી. થોમસ વિલિયમસન તરફથી ભાવભર્યું સ્વાગત થયું હતું.

આ પ્રસંગે તેમના ધર્મના સિદ્ધાંતો જાણવા ગવર્નર ઈચ્છા વ્યક્ત કરતા - સતી, બાળહત્યા, વિધવા વિવાહ વગેરે જેવા અનેક પ્રશ્નોની એક કલાક સુધી લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા થઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વિચારોથી પ્રભાવિત થઈ ગવર્નરે 'તમે અશક્ય કામશક્ય કર્યું છે' તેમકહી તેમના આશિષ માટે પ્રાર્થના કરી હતી. જવાબમાં મહારાજે કહ્યું : ''નીતિ અને પ્રામાણિકતાથી રાજ્ય કરશો તો વૃદ્ધિ પામશો અને એથી વિરુદ્ધ વર્તશો તો નિષ્ફળ જશો.'' અને પછી શિક્ષાપત્રીની એક નકલ તેમને ભેટ આપી હતી. (આજે તે શિક્ષાપત્રી લંડનના ઓક્સફોર્ડ મ્યુઝિમવ્યવસ્થિત રીતે દર્શન માટે મુકવામાં આવી છે.)

ગવર્નરે આભાર માનતા જણાવ્યું કે 'નારાયણ સ્વામીને બહોત અચ્છી સલાહ દીયા' અને પછી શાલ-દુશાલાની ભેટ કરી હતી.

આ ઐતિહાસિક સંમારંભ વિષે લખાયું છે કે તે વખતે ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના અતિશય ચારિત્ર્યવાન પરમહંસોથી વિંટાળાયેલા હતા. તે વખતનું જે અલૌકિક દશ્ય સર્જાયું હતું તેની છાપ નજરે જોનારાના મન પર પડ્યા વિના રહે તેમનહોતું.

શ્રીજીમહારાજએ જીવન લીલા સંકેલી તે પહેલા ત્રણ માસ અગાઉ આ મુલાકાત યોજાયેલી અને તે દૃષ્ટિએ તેમણે જીવનનું છેલ્લું મહત્ત્વનું કાર્ય અહીં આટોપ્યું હતું. એ ઘણી અર્થસૂચક બીના છે.

આ મુલાકાત અગાઉ જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના પરમહંસો સાથે ઊતર્યા હતા તે ભૂપેન્દ્ર રોડ આજે જાહેર રાજમાર્ગ અને વસતીથી ભરચક્ક વિસ્તાર બની ગયો છે. તે જગ્યા અને બોરડીના પવિત્ર વૃક્ષના વિસ્તારમાં શિખરબધ્ધ મંદિરની ભવ્ય ઈમારત ધજા પતાકાઓથી શોભી રહી છે. અને તેના પટાંગણમાં ૧૪૨ વર્ષ જુનું અને શ્રીજીમહારાજ અને તેમના મહાન સંતોના દર્શન જેટલું પાનવકારી બોરડીનું એ વૃક્ષ આજે પણ એની ગવાહી પોકારી રહ્યું છે.


ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે એમના મહાન યોગીરાજ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી પણ પધાર્યા હતા. તેઓશ્રી જ્યારે આ બોરડીના વૃક્ષ નીચે ઊતર્યા હતા ત્યારે તેમના માથાના રૂમાલમાં બોરડીની એક ડાળખી ભરાયેલી. તે જોઈને શ્રી ગોપાળાનંદ સ્વામી કૃપા દૃષ્ટિથી બોરડીના વૃક્ષને મીઠો ઠપકો આપતાં કહ્યું : ''ભગવાન શ્રીહરિના ઉપદેશથી તો ઘણા કંટીલા સ્વભાવવાળા સુધરી ગયા છે ને સાધુ ચરિત જીવન ગુજારવા લાગ્યા છે. જ્યારે તને તો પ્રગટ ભગવાને પાવન કરી છે છતાં પણ તારો કાંટાળો સ્વભાવ ન બદલ્યો !''

જાણે કે સ્વામીશ્રીના આ શબ્દો બોરડીના વૃક્ષની આરપાર ઊતરી ગયા હોય તેમએજ ઘડીએ બોરડીના તમામકાંટા ખરી પડ્યા હતા. અને તે દિવસથી આ બોરડીમાં કદી કાંટો દેખાયો જ નથી ! જો બોરડી જેવા જડ ઝાડનાં ગુણધર્મનું પરિવર્તન કરાવી શકે તેવા સ્વામી સમર્થ હોય તો તેમના ઉપદેશથી ચેતન જીવોએ કેવો મહાન લાભ લીધો હશે. અને જીવનને કેવું ધન્ય બનાવ્યું હશે ! એની કલ્પના કરતાં યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીની મહાનતા આપણી દૃષ્ટિ સમક્ષ ખડી થાય છે.

એ રીતે પણ આ રાજકોટનું મંદિર અને બોરડીનું વૃક્ષ બદ્રિકાશ્રમજેવું સંપ્રદાયમાં મહત્ત્વ ભોગવી રહ્યું છે. આજે પણ હજારો ભાવિક ભક્તો માટે એ પવિત્ર તીર્થધામ સમું બની ગયું છે.

આમ, સદ્. ગોપાળાનંદ સ્વામીના જીવનથી ખુદ શ્રીજીમહારાજે રાજી થઈ સ્વમુખે સ્વામીનો મહિમા અનેકવિધ રીતે પ્રગટ કર્યો છે. વળી, વચનામૃતનો સંગ્રહ અને સંપાદન કરનાર ચાર સદ્ગુરુઓ પૈકી મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ મુનિ પણ હતા પરંતુ એ વચનામૃતોનું ઊંડું રહસ્ય તો સદ્. ગોપાળાનંદ સ્વામીએ સહુને સમજાવ્યું છે. તેમજ સત્સંગની સુઘટિત વ્યવસ્થા-પ્રણાલિકા ઊભી કરવામાં સદ્. ગોપાળાનંદ સ્વામીનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. એ ઉપરાંત સંસ્કૃતમાં ૧૯ અને પાકૃતમાં ૭ ગ્રંથો રચી સંપ્રદાયમાં સાહિત્યની અનેરી સેવા કરી છે.

શ્રીજીમહારાજે જીવનલીલા સંકેલી લીધા પછી બાવીશ બાવીશ વર્ષ સુધી સત્સંગનું પોષણ કર્યા પછી એકોતેર વર્ષની અવસ્થાએ સં. ૧૯૦૮ વૈશાખ વદ - ૫ના રોજ વડતાલ મુકામે પંચભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરનિવાસી થયા હતા.



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં નાવડાને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ

સોરઠ પ્રદેશના શ્રીજી દીક્ષાસ્થાન પીપલાણા નજીક આવેલા નાવડા ગામને આંગણે તા. ૨૦-૧-૦૭ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી બરાબર ૯.૦૦ કલાકે પધાર્યા હતા. તેઓશ્રીનું ગામના ભાગોળેથી ભવ્ય શોભાયાત્રા દ્વારા દબદબાપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભાયાત્રાની સભાસ્થાને સમાપ્તિ કરવામાં આવી હતી.

ત્યારબાદ સભામંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓનું અમરેલીનિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સરધારથી પધારેલ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો તથા અગ્રગણ્ય ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું.

પૂ. સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

સભા સમાપ્તિ બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી મહિલા અને પુરુષ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી હતી.

અંતમાં સોરઠ પ્રદેશ વિસ્તારમાંથી પધારેલા અસંખ્ય ભક્તજનોએ રિંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## બોડકા(સ્વામીના)માં દર્શન-અમૃતવાણીનો લાભ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી

સોરઠ પ્રદેશના અને જ્યાં સદ્‌ગુરુવર્ય સ્વામી શ્રી રૂગનાથદાસજીએ 'શ્રીહરિ ચરિત્ર ચિંતામણી' નામનો શ્રીજીમહારાજના લીલાચરિત્રના વિશાળ ગ્રંથની રચના કરવામાં આવી છે એવા બોડકા ગામમાં તા. ૨૦-૧-૦૭ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી નાવડામાં શાકોત્સવની પૂર્ણાહુતી કરીને બરાબર ૩.૦૦ કલાકે પધાર્યા હતા.

અહીં કડિયા જ્ઞાતિ સમાજની વાડીમાં સત્સંગ સમુદાયના અગ્રગણ્ય હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પહાર અર્પણ કરીને સ્વાગતપૂજન કર્યું હતું.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની ભાવવહી સરળ અને સુમધુર શૈલીમાં ભક્તજનો ઉપર અમીવર્ષા રૂપી આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં સહુ હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સભા પ્રસંગની સમાપ્તિ કરીને વિદાય થયા હતા.

## વરજાંગ જાળિયાને આંગણે યોજાયેલ શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૨૦-૧-૦૭ના રોજ ૩.૦૦ કલાકે બોડકાથી વિદાય થઈ પ.પૂ. લાલજી મહારાજશ્રી જે ગામને શ્રીજીમહારાજે પોતાના પુણ્યકારી ચરણારવિંદથી બાવીસ વખત પાવન કરેલ છે અને સં. ૧૮૭૦ના ભાદરવા માસમાં એક મહિનો મંદવાડ ગ્રહણ કરીને માનુસિક લીલા કરીને ત્યાંના ભક્તોના નિશ્ચયની દૃઢતા જોઈને ૧૦૦ બેડા જળથી સ્નાન કર્યું છે એવું વેણું નદીને કિનારે ઉપર આવેલ તીર્થધામવરજાંગ જાળિયામાં સાંજે ૫.૦૦ કલાકે પધાર્યા હતા.

અહીં નવનિર્માણ પામતું શિખરબધ્ધ મંદિરના કોઠારી પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી તથા આગેવાન હરિભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ઉષ્માભેર પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ સભામંચમાં અમરેલીનિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સરધારથી પધારેલ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, પૂ. સ્વામી શ્રી હરિપ્રિયદાસજી - જુનાગઢ, પૂ. સ્વામી શ્રી દેવચરણદાસજી - જુનાગઢ વગેરે સંતોના પ્રાસંગિક પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને પોતાની દિવ્યમય અમૃતવાણી અને સમીપ દર્શનનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા.

અંતમાં ઉપલેટા વિસ્તારમાંથી પધારેલા અસંખ્ય ભક્તજનોએ રિંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## નાના મુંજીયાસરને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

બગસરા તાલુકાના નાના મુંજીયાસર ખાતે તા. ૧૯-૧-૦૭ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯.૦૦ કલાકે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરે સત્સંગ સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ સભામાં સરધાર મંદિરના પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સંતમંડળ સહિત પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ચાલો મીરા રોડ... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો મીરા રોડ...

સમસ્ત મુંબઈ પરાવિસ્તાર શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ આયોજીત વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ઉપાધ્યક્ષપદે મીરારોડ(મુંબઈ)ને આંગણે ભવ્ય

# ॥ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ ॥

**મહોત્સવ તારીખ :- ૧૧-૪-૦૭ ચૈત્ર વદ - ૮ થી ૧૭-૪-૦૭ ચૈત્ર વદ - ૩૦ સુધી**

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**વક્તા :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**કથા સમય :-** બપોરે ૩-૩૦ થી ૬-૩૦ રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ, સમસ્ત પરાવિસ્તાર - મુંબઈ

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ નગર, સેકટર નં. ૧૦નું ગ્રાઉન્ડ, પૂનમ સાગરની સામે, મીરા રોડ (ઈસ્ટ) ફો.નં. ૯૮૩૩૫ ૧૫૧૭૨

ચાલો નાના મુંજીયાસર... વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય પધારો નાના મુંજીયાસર...

શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય

શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - નાના મુંજીયાસરનો ભવ્ય

# ॥ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ॥

**મહોત્સવ તારીખ :- ૧૯-૪-૦૭ વૈશાખ સુદ-૨ થી ૨૩-૪-૦૭ વૈશાખ સુદ-૭ સુધી**

## શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ

**વક્તા :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**કથા સમય :-** સવારે ૮-૩૦ થી ૧૧-૩૦, બપોરે ૩-૩૦ થી ૬-૩૦

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર મહોત્સવ સમિતિ - નાના મુંજીયાસર

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ નગર, મું. નાના મુંજીયાસર, તા. બગસરા જી. અમરેલી ફો.નં. ૯૮૭૯૭૧૭૦૬૫

ચાલો માળિયા (હાટિના).... પધારો માળિયા (હાટિના)....

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ. ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં માળિયા હાટિનાના આંગણે ભવ્ય

# સત્સંગ અભ્યુદય મહોત્સવ તા. ૧૧-૩-૦૭ ફાગણ વદ - ૭

**શોભાયાત્રા :** સાંજે ૪ થી ૫, **સત્સંગ સભા :** સાંજે ૫ થી ૭, **મહાપ્રસાદ :** રાત્રે ૭ થી ૮

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**સ્થળ :-** 'લોહાણા મહાજન વાડી' મુ. માળીયા(હાટિના), જી. જૂનાગઢ. ફો. ૦૨૮૭૦ - ૨૨૦૦૩૩

**આજે જ આપના ઘરમાં વસાવો...**
**વ્રત-ઉત્સવ - ૨૦૦૭/૮ નવો નિર્ણય**

## વ્રતો તથા ઉત્સવોનો નિર્ણય અને પંચાગ




- ✤ સંવત ૨૦૬૩/૬૪નાં વ્રત-ઉત્સવોનો નિર્ણય
- ✤ જાહેર રજાઓ, તહેવારો, મહોત્સવો, શ્રીહરિ નવમી, એકાદશીઓ, પૂર્ણિમાઓ
- ✤ દીપાવલી, લગ્ન, જનોઈ, વાસ્તુ-કળશ તથા ખાતનાં મુહૂર્તો
- ✤ મંદિરોની પ્રતિષ્ઠાતિથિઓ, પાટોત્સવા
- ✤ મુહૂર્ત કેવી રીતે જોશો ? શુભ કાર્યો માટે મુહૂર્તો-વાર-નક્ષત્રો-તિથિઓ, નવજાત શિશુનું નામકઈ રીતે પાડશો ? રાશિ-અક્ષરો તેની સમજૂતી
- ✤ સૂર્ય-ચંદ્ર ગ્રહણોની વિગત
- ✤ દેશ-વિદેશના મુખ્ય મંદિરોનાં સરનામાં તથા ટેલિફોન અને ફેક્સ નંબરો
- ✤ વરસાદનાં નક્ષત્રો અને ચોઘડીયાં
- ✤ આપનાં કાર્યોની દરેક મહિનાની વિશેષ નોંધ માટે ખાસ સુવિધા

**વધુ સંપર્ક માટે :-** પૂ. ઘનશ્યામસ્વામી, મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮. પ.ભ. નનુમામા, મો. ૯૮૨૫૨ ૩૪૩૬૨.

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી-૨૦૦૭



## 'ભાવિઆચાર્ય' નિમણુંકનો સોનેરી અવસર...

પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની "ભાવિઆચાર્ય" તરીકે ઉદ્ઘોષણા કરતા સ્વયં પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ.

**તારીખ :** ૧૩-૫-૧૯૮૪, સં. ૨૦૪૦ - વૈશાખ સુદ - ૧૪ (નૃસિંહ જયંતી) **સ્થળ :** શ્રી સભામંડપ - વડતાલ



## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. નાવડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પૂ. લાલજી મહારાજશ્રી. ૨. નાવડામાં યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં ભક્તજનોને આશીર્વાદ આપતા પૂ. લાલજી મહારાજશ્રી. ૩. બોડકામાં પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદરૂપી અમૃતવાણીનો લાભ લેતા હરિભક્તો. ૪. વરજાંગ જાળિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પૂ. લાલજી મહારાજશ્રી. ૫ . વરજાંગ જાળિયામાં નમનિર્માણ પામતું શિખરબધ્ધ મંદિરનું નિરક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. નાના મુંજીયાસરમાં યોજાયેલ શાકોત્સવમાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામીશ્રી. ૭. ડોંબીવલીને આંગણે શાકોત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના અમૃતવચનોની વી.સી.ડીનું વિમોચન કરતાં પૂ. સ્વામીશ્રી તથા અગ્રગણ્ય ભક્તજનો. ૮. ડોંબીવલીને આંગણે શાકોત્સવમાં પૂ. સ્વામીશ્રીના સત્સંગ પ્રવચનનો લાભ લેતા મુંબઈ પરા વિસ્તારના ભક્તજનો. ૯. દહિસરમાં યોજાયેલ શાકોત્સવમાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામીશ્રી. ૧૦. તાલાળા(ગીર)માં યોજાયેલ શાકોત્સવમાં ભક્તજનોને આશીર્વાદ આપતા પૂ. લાલજી મહારાજશ્રી અને લાભ લેતા ભક્તજનો. ૧૧. તાલાળા(ગીર)માં યોજાયેલ શાકોત્સવમાં રીંગણાના શાકનો વઘાર લેતા પ.પૂ લાલજી મહારાજશ્રી. ૧૨. સાસણ(ગીર)ના જંગલમાં પ.પૂ. લાલજીમહારાજશ્રી તથા સંતો-હરિભક્તો.



## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. વાંસખીલીયા(આણંદ)માં યોજાયેલ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. વાંસખીલીયામાં નૂતન મહિલા મંદિરમાં અર્ચા સ્વરૂપ ઠાકોરજીની અંજનસલાખા કરીને પ્રતિષ્ઠા કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલ સત્સંગ સભામાં ભક્તજનોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલ શ્રીહરિયાગ યજ્ઞમાં શ્રીફળ બીડું હોમતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પલાણા ગામને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ અંતર્ગત ઘનશ્યામજન્મોત્સવ ઉજવણી કરતા પૂ. વડીલ સંતો. ૬. પલાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પૂ. લાલજી મહારાજશ્રી. ૭. પલાણામાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણની પૂર્ણાહુતિ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા ભક્તજનો. ૮. બીલીમોરામાં નૂતન મંદિરનું ભૂમિપૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૯. બીલીમોરામાં ભૂમિપૂજન પ્રસંગે ભક્તજનોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. પીપરલામાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૧. પીપરલા નૂતન મહિલા મંદિરમાં અર્ચા સ્વરૂપ ઠાકોરજીની પ્રતિષ્ઠાવિધિ કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૨. પીપરલામાં ભક્તજનોને સમીપ દર્શનનો લ્હાવો આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

Shree Swaminarayan Chintan, February-2007 Reg.
No. GRJ - 517/08 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC

વિશ્વવ્યાપી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દક્ષિણ વિભાગના પ્રાણરૂપ, લાખો નવયુવાનોને અધ્યાત્મના માર્ગે વાળીને તેમની શક્તિનો રચનાત્મક વિનિયોગ કરનાર વિરલ યુગસર્જક

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ૩૪મી જન્મજયંતીના પવિત્ર દિવસે

ભગવાન શ્રી સ્વામિનારાયણના ‘સર્વજીવ હિતાવહ’ સંદેશ અનુસાર પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ગામડાંઓના દર્દીઓને રાહતભાવે સારી સારવાર ઉપલબ્ધ કરવાના આશયથી સેવાયજ્ઞ રૂપે સરધારને આંગણે તૈયાર થયેલ

## શ્રી સ્વામિનારાયણ હોસ્પીટલનો ભવ્ય

# ઉદ્‌ઘાટન સમારોહ મહોત્સવ

**તા. ૯-૩-૨૦૦૭, ફાગણ વદ-૫ (રંગપંચમી)**

સમય :- સાંજે ૪.૦૦ થી ૭.૦૦

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

**સ્થળ :-** ‘શ્રી સ્વામિનારાયણ મંદિર’ સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭ ૫૮૫૦૩

## :: શ્રી સ્વામિનારાયણ હોસ્પીટલ - સરધારમાં ઉપલબ્ધ સેવાઓ ::

- ૨૪ કલાક ઈમરજન્સી સારવાર આપી શકે તેવા અનુભવી ડોકટરોની હાજરી.
- ૧૮ દર્દીઓને દાખલ કરીને સારવાર આપી શકાય તે માટે બે પોસ્ટ ઓપરેટીવ વોર્ડ અને બે જનરલ વોર્ડની સુવિધા.
- આધુનિક સાધન સુવિધાથી સજ્જ એક ઓપરેશન થીયેટર અને પ્રસૂતિ રૂમની સુવિધા.
- કાર્ડીઓગ્રામ(ઈ.સી.ની), એક્સ રે, સોનોગ્રાફી, લેબોરેટરી, મેડીકલ સ્ટોર અને એમ્બ્યુલન્સની સુવિધા.
- રાજકોટના વિવિધ સ્પેશ્યાલીસ્ટ ડોકટરો જરૂર મુજબ દર્દીની સારવારમાં મદદરૂપ થશે.

## :: ઉપલબ્ધ સારવાર ::

**જનરલ મેડીસીન વિભાગ :**

- તાવ, શરદી, ઉધરસ, ઝાડા, ઉલટી.
- મેલેરીયા, ટાયફોઈર્ડ, ટી.બી, કમળો.
- હાઈબ્લડપ્રેશર, ડાયાબીટીશ, દમ-શ્વાસ.
- છાતીનો દુઃખાવો, પેટનો દુઃખાવો, કમરનો દુઃખાવો.

**પ્રસુત્તિને લગતા નિદાન અને સારવાર :**

- પ્રસૂતિ પૂર્વેની સંભાળ.
- નોર્મલ ડિલીવરી સીઝેરીયનની સુવિધા.
- ગર્ભાશયની કોથળી ગાંઠ, અન્ડપીન્ડ ગાંઠ, વધુ પડતો રક્તસ્ત્રાવનું નિદાન અને સારવાર - ઓપરેશનની સુવિધા.

**ઈમરજન્સી વિભાગ (ટ્રોમા વિભાગ) :**

- નાની-મોટી ઈજાઓને તાત્કાલીક સારવાર.
- છાતીનો દુઃખાવો, પેટનો દુઃખાવો, શ્વાસની તકલીફની ઈમરજન્સી સારવાર.
- પ્રસૂતિને લગતી તકલીફની ઈમરજન્સી સારવાર.

**ઉપલબ્ધ ઓપરેશનની સુવિધા :**

- રસોળી, કપાસી, ગાંઠના ઓપરેશન.
- કંઠમાળની ગાંઠ, છાતી(સ્તન)ની ગાંઠના ઓપરેશન.
- હરસ-મસા, ભગંદર માટેના ઓપરેશન.
- વધરાવળ, સુન્નત, સારણગાંઠ, એપેન્ડીક્ષને લગતા ઓપરેશન.
- પથરી, પ્રોસ્ટેટને લગતા ઓપરેશન.
- પેડુંની ગાંઠ, ગર્ભાશયની ગાંઠ અને ગર્ભાશયની કોથળીના ઓપરેશન.

**વિઝીટીંગ સ્પેશ્યાલીસ્ટ ડોકટરો :**

- એમ.ડી (જનરલ ફીઝીશીયન)
- એમ.એસ (જનરલ સર્જન)
- ઓર્થોપેડીક (હાડકાંના) સર્જન
- ઓપ્થાલમીક (આંખના) સર્જન
- ઈ.એન.ટી. (કાન-નાક-ગળાનાં) સર્જન
- એમ.ડી. ગાયનેક (પ્રસૂતિ-સ્ત્રી રોગ નિષ્ણાંત)
- એમ.ડી. સ્કીન (ચામડીના નિષ્ણાંત)
- એમ.ડી. રેડીયોલોજીસ્ટ (એક્સ-રે અને સોનોગ્રાફીના નિષ્ણાંત)

**નોંધ :-** વિઝીટીંગ સ્પેશ્યાલીસ્ટ ડોકટર દર્દીના રોગોનું નિદાન કરીને શક્ય સારવાર આપશે અને જરૂર પડશે તો રાજકોટમાં પણ રાહતદરે સારવાર અને જરૂરી માર્ગદર્શન આપશે.




Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 26580916, 9879606686